

# અધ્યાત્મ

વર્ષ : ૬ જુલાઇ : ૧૯૮૫ અંક : ૧૦

## ગ્રાહકોને સૂચના

જૂન, જુલાઇ ૮૪માં જેઓ અધ્યાત્મના ગ્રાહક થયા છે, તેઓને પોતાના લવાજમો તંત્રીને M. O. થી જલ્દીથી મોકલાવી આપવા વિનંતી છે.

## સદ્ભાવભરી ભેટ

પૂ. શ્રી તેમજ પૂ. માના ભક્ત સુરતના પ્રો. ટી. જી. ભટ્ટે તેઓની પુત્રી હર્ષાના લગ્ન નિમિત્તે અધ્યાત્મને રૂા. ૫૧, ભેટ મોકલ્યા છે. તેઓને અભિનંદન.

## વિશ્રામગૃહની ભેટ

અંબાજીમાં બંધાતા વિશ્રામગૃહ માટેની ભેટની રકમ અથવા ચેક સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી બાબુભાઇ વોરા, ૩૧, ગવર્નમેન્ટ સરવન્ટસ સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ-૯ ૩૮૦,૦૦૯ને અથવા પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીને મોકલાવવાં.

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

વર્ષ : ૬ અંક : ૧૦ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ

દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.

**તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૯૮ બી સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩

**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ લોખંડબજાર, ભાવનગર-૧


### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
* દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## ✻ અનુક્રમણિકા ✻


| | | |
|---|---|---|
| માનવ જીવન | યોગેશ્વરજી | ૩ |
| ગુરુપૂર્ણિમા | જ્યોતિબેન જેરાજાણી | ૫ |
| પત્ર પ્રસાદી | એક અધ્યાત્મ પ્રેમી | ૧૧ |
| દ્વિદલ | જયંતિલાલ આચાર્ય | ૧૫ |
| પ્રેરણાની પરખ | નિલુ દવે | ૧૬ |
| સ્વામી વિશુદ્ધાનંદ પરમહંસ | ગોપીનાથ કવિરાજ | ૧૭ |
| ‘ પ્રકૃતિની પૂજા ’ | ભૂપતરાય મો. ઠાકર | ૨૫ |
| શિબિરની વિશિષ્ટ છાપ | શિબિરાર્થી | ૨૮ |
| શરણાગતિ | શ્રી પ્રશાંત દવે | ૩૩ |
| હેત | સાધુ આનંદજીવનદાસ | ૩૫ |
| મન ! તુ ! | ડૉ. રણજિત પટેલ | ૩૬ |
| “ભીખગંગા” | હરેન્દ્રભાઇ પાઠક | ૩૭ |
| દેવી ક્ષમાપન સ્તોત્ર | યોગેશ્વરજી | ૩૮ |
| જીવનમાં અદ્વૈતની શોધ | મણીભાઇ ર. દવે | ૪૧ |
| રાષ્ટ્રીય એક્તાના પ્રતિક ભગવાન શિવ | ભાનુકુમાર નાયક | ૪૬ |
| પ્રકાશના પંથે | શ્રી ઈશ્વરભાઇ ભક્ત | ૫૧ |
| શિબિરમાં પૂ. મા | નારાયણ હ. જાની | ૫૭ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૦ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૬ જુલાઇ-૧૯૮૫ અંક : ૧૦


## માનવ જીવન

દિલ્હીનું સ્ટેશન કેટલું બધું મોટું છે ? ત્યાંથી કેટલી બધી ગાડીઓ ઉપડે છે ? ઉત્તરમાં અમૃતસર, પઠાનકોટ, સીમલા તરફ જવું હોય તો પણ ત્યાંથી જવાય છે, હરિદ્વાર, ઋષિકેશ–બદરીનાથ તરફ આગળ વધાય છે, પશ્ચિમમાં મુંબઇ તરફ જવાય છે. પૂર્વમાં કલકત્તા અને આસામ તરફ પહોંચવા માટે હાવરા એક્સપ્રેસ અને આસામ મેલ મળે છે, તો દક્ષિણમાં છેક નીચે મદ્રાસ, બેંગલોર, તથા કન્યાકુમારી જવાની ગાડી પણ મળે છે. ત્યાંથી મધ્યભારતમાં પણ ઇચ્છાનુસાર સ્થળે જઇ શકાય છે, અને ક્યાંય ના જવું હોય તો પ્લેટફોર્મપર બેસી શકાય છે અથવા પાછા ઘેર સ્વસ્થાને પહોંચી શકાય છે.

માનવજીવન એવું મહાન વિશાળ જંકશન છે. એમાં પ્રવેશીને માનવશરીરના પવિત્ર પ્રસિદ્ધ પ્લોટફોર્મ પર પહોંચીને ઉત્તરમાં જઈ શકાય. ઉર્ધ્વલોકની યાત્રા કરી શકાય, નીચે પણ જઈ શકાય. અધોગતિને પણ નોતરી શકાયઃ પશુપક્ષીવનસ્પતિની યોનિમાં પણ પ્રવેશી શકાય, અને ક્યાંય અન્યત્ર ના જવું હોય તો તો “પુનરપિ મરણં, પુનરપિ જનનીજઠરે શયનમ્” ઉક્તિ અનુસાર માનવશરીરને પુનઃ પુનઃ પામીને પ્રાકૃત ભોગાનુભવોમાં જ રહી

શકાય. ક્યાં જવું છે, આગળ વધવું છે કે પાછળ પડવું છે, એનો વિચાર માનવે પોતે જ કરી લેવાનો છે અને તદનુસાર પુરુષાર્થને પ્રારંભવાનો છે. માનવ શરીર દેવોનેય દુર્લભ કહેવાય છે. સાધનોનું ધામ અને મોક્ષનું મંગલમય દિવ્ય દ્વાર મનાય છે. સર્વોત્તમ સૌભાગ્યથી સાંપડેલું છે. એને મેળવીને આત્મોન્નતિની દૈવી દુનિયામાં આગળ વધીએ, સમુન્નતિ સાધીએ અને અન્યને માટે પણ ઉપયોગી બનીએ તો કેવું સારું ? આપણે માનવશરીરમાં આવીને એક નિર્ણયાત્મક સ્થળે ઊભા છીએ. જે તરફ જવું હશે તે તરફ જઇ શકાશે. સુખ કે દુઃખ, હર્ષ કે શોક, શાંતિ અથવા અશાંતિ, અભ્યુત્થાન અથવા અધઃપતન, જેની પણ પસંદગી કરીશું તેની પ્રાપ્તિ કરી શકાશે. ભગવદ્ગીતામાં કહ્યું છે કે "ઉદ્ધરેદાત્મનાત્માનમ્" એટલે કે પોતાની જાતે પોતાનો ઉદ્ધાર કરવો જોઇએ. એ આદેશને અનુસ્મરીને માનવજીવનનો સમ્યક્ સદુપયોગ કરીને ઉત્તરોત્તર આગળ વધજો, પાછળ ના પડતા. નવજીવનને મેળવજો, એનાથી વંચિત ના બનતા.

માનવજીવન શાને માટે મળ્યું છે એનો વિચાર કરો. આ શરીર કેવળ ખાવા, પીવા, ભોગ ભોગવવા, ગમે તેવી પ્રવૃત્તિ કરવા, અને એક દિવસ અજ્ઞાત રીતે અદૃશ્ય થવા માટે મળ્યું છે ? ના. એને મુક્તિનું મંગલ મંદિર દ્વાર કહ્યું છે. સાધનોનું ધામ ગણ્યું છે. એનો સમ્યક્ સદુપયોગ કરીને સુખી થવાય છે, શાંતિ પમાય છે, બંધનમુક્ત બનાય છે એ તો ખરું જ, પરંતુ સાથેસાથે અન્યને સુખી કરાય છે, શાંતિ અપાય છે, ક્લેશ-પરિતાપ-અજ્ઞાન-બંધનમાંથી મુક્તિ ધરાય છે. એની શક્યતા અને શક્તિ અનંત, અસાધારણ, ધાર્યા કરતાં પણ ઘણી મોટી છે. એને જે જેમતેમ ફગાવી દેશે તે પાછળથી પસ્તાશે. તો પણ કશું વળશે નહીં. માટે અત્યારથીજ ઊઠો. જાગો. ચેતો. એનો સદુપયોગ કરવાનો સંકલ્પ કરીને એની પૂર્તિના પ્રામાણિક પ્રયત્નમાં લાગી જાવ. —યોગેશ્વર



# ગુરુપૂર્ણિમા

જ્યોતિબેન જેરાજાણી

આષાઢ માસની પૂર્ણિમા એટલે ગુરુપૂર્ણિમા. અનેક હિંદુ પર્વોમાંનું એક અનોખું મહત્ત્વપૂર્ણ પર્વ. ત્રણસો ને પાંસઠ દિવસોમાંનો અણમૂલ પરમ પવિત્ર દિવસ. શ્રી ગુરુદેવનાં અર્ચન-પૂજન ભજન કવન કીર્તનનો અનુપમ દિન.

ગુરુ કોને કહેવાય ? શાસ્ત્રમાં કહ્યું છે કે–

ગુકારસ્ત્વંધકારશ્ચ રુકારસ્તેજ ઉચ્યતે ।
અજ્ઞાનગુરુકં બ્રહ્મ ગુરુરેવ ન સંશયઃ ॥
ગૂઢવિદ્યા જગન્માયા, દેહેચાજ્ઞાન સંભવા ।
ઉદયઃ યત્પ્રકાશેન ગુરુશબ્દેન કથ્યતે ॥

ગુરુ શબ્દમાં બે અક્ષર 'ગુ' અને 'રુ' 'ગુ' એટલે મોહ-અવિદ્યા-અજ્ઞાન રૂપી અંધકાર. 'રુ' એટલે આ અજ્ઞાન-અવિદ્યા અહંકારનો નાશ કરનાર પરમ પ્રકાશ-પરમ તેજ. ઊંડા અંધારેથી જે પરમ તેજમાં લઈ જાય તે શ્રીગુરુદેવ.

આ વિશ્વની ઉત્પત્તિ થઈ ત્યારથી જે જે સંતોએ હરિનો પ્રભુનો પરમ આત્માનો સાક્ષાત્કાર કર્યો છે તે તે બધાએ તેમને આવડ્યું તે તે રીતે ગુરુમહિમા ગાયો છે. વેદો-શાસ્ત્રો શ્રુતિ-સ્મૃતિ-પુરાણો બધાંની રચના ગુરુમહિમા ગાવામાંથી જ થઇ છે. તેથી ગુરુબજાર ઘણું વિશાળ છે. જેને જેવા જોઇએ તેવા ગુરુ મળી જાય. તેમાં મોટાભાગના તો તન અને ધન હરણ કરનાર જ હોય છે. તેઓને ગુરુ સાચા અર્થમાં કહી શકાય નહીં કારણ કે ધન-તનની તૃષ્ણા તેમનામાં રહી ગઈ છે...પરંતુ પ્રથમ દૃષ્ટિએ જ 'આપણું' હૃદય ચોરી લે મન હરી લે તે જ સાચા ગુરુદેવ. તેમની પાસેથી ઊઠવાનું

મન તો થાય જ નહીં પણ વારંવાર તેમનાં ચરણોમાં બેસી, બોધ મેળવવાનું મન થાય તે જ શ્રીગુરુદેવ.

સ્કંદપુરાણના ઉત્તરખંડમાં ઈશ્વર-પાર્વતી વચ્ચેનો સંવાદ આવે છે, જે 'ગુરુગીતા'ને નામે પ્રસિદ્ધ છે. તેમાં પાર્વતીજી મહાદેવજીને પ્રશ્ન પૂછે છે કે, "હે સ્વામી! કયા માર્ગે આ દેહ બ્રહ્મમય બને તે મને સમજાવો." ત્યારે શંકરજી કહે છે, "હે મુજ સ્વરૂપ દેવી! આવો લોકકલ્યાણનો પ્રશ્ન આજ સુધી મને કોઈએ પૂછયો જ નથી. અને પછી પ્રથમ શ્લોકમાં જ કહે છે—

દુર્લભં ત્રિષુ લોકેષુ, તત્શૃણુસ્વ વદામ્યહમ્ ।
ગુરુમ્ વિના બ્રહ્મ નાન્યત્, સત્યં સત્યં વરાનને ॥

ત્રણેય લોકમાં જે દુર્લભ છે તે ગુરુ વિના બીજું કોઈ જ બ્રહ્મ નથી તે તું સત્ય જ સત્ય જાણ.

આ સંવાદ લગભગ ૩૮૪ શ્લોકોનો છે. જેમાં મહાદેવજી ગુરુતત્ત્વ શું છે, ગુરુ કોને કહેવા, તેમને કેમ જાણવા, માણવા, ધ્યાવા અને તેનું શું ફળે છે તે વિષે વિગતે પાર્વતીજીને સમજાવે છે. આમાં આપણે પ્રાર્થનામાં રોજ બોલીએ છીએ તે શ્લોક પણ છે, જેનો સાચો અર્થ આપણે ભાગ્યે જ સમજીએ છીએ.

ગુરુર્ બ્રહ્મા, ગુરુર્ વિષ્ણુઃ, ગુરુર્ દેવો મહેશ્વરઃ ।
ગુરુર્ સાક્ષાત્ પરમ બ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥

સંસારના ઉત્તમોત્તમ સ્થાને શ્રીગુરુદેવને બિરદાવતાં ખુદ શંકરભગવાન પોતે કહે છે કે શ્રી ગુરુદેવ જ બ્રહ્માજી છે, શ્રીગુરુદેવ જ વિષ્ણુજી છે, શ્રીગુરુદેવ જ મહાદેવજી છે, એટલું જ નહીં પણ શ્રીગુરુદેવ જ સાક્ષાત્ બ્રહ્મ હોવાથી તેવા શ્રીગુરુદેવને નમસ્કાર હો.



સચ્ચિદાનંદ પૂર્ણબ્રહ્મની ત્રણશક્તિઓ—ઉત્પત્તિ, સ્થિતિ, અને લય-ત્રણ રૂપમાં અનુક્રમે—બ્રહ્માજી, વિષ્ણુજી અને મહાદેવજી છે. આ ત્રણેય દેવોની પોતપોતાની વિભિન્ન શક્તિઓ શ્રીગુરુદેવના સ્વરૂપમાં એક સાથે પૂર્ણ અભિવ્યક્ત થાય છે. ગણિતની ભાષામાં મૂકીએ તો—શ્રીગુરુદેવ=બ્રહ્માજી +વિષ્ણુજી+મહાદેવજી=સાક્ષાત્ પરબ્રહ્મ.

શ્રીગુરુદેવનું કેટલું બધું સામર્થ્ય! આવા શ્રીગુરુદેવને માનવભાવે-દેહભાવે કેમ કરી જોવાય? તેઓ તો છે ઈશ્વર સાથે સતત્ ચિંતનમાં રહેતી આપણી વચ્ચે નર રૂપે બિરાજમાન વ્યક્તિ, ઈશ્વરની પરમ અનુગ્રાહિકા શક્તિ એટલે શ્રીગુરુદેવ. સાક્ષાત્ પરબ્રહ્મ રૂપે આપણી વચ્ચે બીરાજમાન નર રૂપ હરિ.

બ્રહ્માજીનું ઉત્પત્તિનું કાર્ય શ્રીગુરુદેવ આપણા ઉપર તેમની "ગુરુકૃપા" વરસાવીને કરે છે-આપણાં અજ્ઞાનને દૂર કરવા આપણાં હૃદયમાં શુભ વિચાર, ઉદાર ભાવના સર્વમંગલ હિત જેવા શુભ સંસ્કારોનો ઉદય કરે છે. પોતાની આત્મશક્તિનું આરોપણ કરી યુગયુગાન્તરથી માનવમાત્રના મૂલાધારમાં સૂતેલી કુંડલિનીશક્તિને જાગૃત કરવાનું કામ કરે છે. આ શક્તિ જાગૃત થવાથી સાધક-શિષ્યનો નવો જન્મ થાય છે. બહિર્મુખ જગતમાં અત્યાર સુધી કાર્ય કરતી આ શક્તિ, કુંડલિની જાગૃત થતાં જ આપોઆપ, સહજ રીતે અંતર્મુખ બને છે-તેનાથી અંતરસમજ અને અંતરસૂઝનો આવિર્ભાવ થાય છે-જીવનપ્રત્યેનો સમગ્ર દૃષ્ટિકોણ બદલાવા લાગે છે. જાણે આપણો નવો જ જન્મ થયો-પરમાર્થનું જીવન જીવવા માટે અત્યાર સુધી સંસારના ભોગો ભોગવવા જીવતા હતા; તેમાંથી શ્રીગુરુદેવે આપણને છોડાવીને હવે પ્રભુને ભોગવવા માટે જીવતાં શીખવે છે. બ્રહ્માજીની સૃષ્ટિમાં

આપણે સુખ-દુઃખ બંનેનો અનુભવ કરતાં હોઈએ છીએ-જ્યારે ગુરુદેવ તો એક એવી સૃષ્ટિ ઉત્પન્ન કરે છે જેમાં માત્ર સુખ-શાશ્વત-સુખ પૂર્ણ આનંદને જ સ્થાન છે. દુઃખને ત્યાં સ્થાન જ નથી. સ્વામી મુક્તાનંદ પરમહંસ કહે છે તેમ-"તમારા સુખદુઃખ માટે તમે પોતે જ જવાબદાર છો. સુખની જેમજ દુઃખ પણ ઈશ્વરનું જ સર્જન છે એ એકવાર સમજશો એટલે દુઃખ દુઃખ ન રહેતાં સુખમાં બદલાઈ જશે." શ્રી ગુરુદેવની આ અણમૂલ સર્જનશક્તિ-શ્રીગુરુદેવનું બ્રહ્માજીનું કામ એટલે વગર ફીએ, ખૂબ જ ધીરજ-ખંતપૂર્વક આપણને નરમાંથી નારાયણ, માટીમાંથી માનવ બનાવવાનું કામ.

ગુરુ કુંભાર શિષ્ય કુંભ હૈ, નિતનિત કાઢે ખોટ,
ભીતર ભીતર સહાય દે, બાહર બાહર ચોટ.

શ્રીગુરુદેવની વિષ્ણુશક્તિ એટલે ગમે તેવી પરિસ્થિતિમાં પણ આપણને ચલાયમાન થવા દીધા વગર શ્રદ્ધા અને ધીરજપૂર્વક "હરિની ઇચ્છા"માં સ્થિત રહેતાં શીખવવું તે. જન્મજન્માંતરથી આપણાં અનેક સંચિત કર્મોમાં શુભ અને અશુભ બંને સંસ્કારો હોય છે. શુભ સંસ્કારના ઉદયથી આનંદ થાય પણ અશુભ સંસ્કારોથી માત્ર દુઃખ થાય એટલુંજ નહીં તે શુભ સંસ્કારોનો નાશ પણ થવા દે. તેવે સમયે રાગ-દ્વેષ વગર સાક્ષીભાવે, તટસ્થ ભાવે આ સર્વ પરિસ્થિતિને જોતાં શીખવવાનું અને તેમાંથી શ્રેષ્ઠ માર્ગ કાઢવાનું કામ શ્રી ગુરુદેવ જ શીખવી શકે.

"હું છું હરિનો, હરિ છે મમ રક્ષક, એ નિશ્ચય બદલાય નહીં.
જે હરિ કરશે તે મમ હિતનું, એ ભરોસો જાય નહીં."

શ્રી સાંઈબાબાના બે સૂત્રો "શ્રદ્ધા-સબૂરી" એટલે શ્રીગુરુદેવની વિષ્ણુશક્તિ.



શ્રી ગુરુદેવનું મહાદેવજીનું કાર્ય એટલે આપણામાં યુગ-યુગાન્તરથી જમા થયેલ તૃષ્ણાઓના-વિકારોના મળને નાશ કરવાનું કાર્ય. શ્રી ગુરુદેવ સ્વયં આપણાં હૃદયમાં બિરાજીને આ અજ્ઞાનરૂપી મળની સાફસૂફીનું કાર્ય કરે છે જેથી કરીને આપણી વાસનાઓનો, અહંકારનો નાશ થાય-આપણામાં રહેલ ભેદભાવ જેવાં પ્રપંચોનો નાશ થાય-"હું, મારું" એ અજ્ઞાન છે તેવા જ્ઞાનનો ઉદય થાય. તેથી કરીને જન્મ-મરણનાં બંધનો તૂટવાં લાગે. આપણાં ભવરોગનો નાશ કરનાર ડોક્ટર એટલે શ્રી ગુરુદેવ. શ્રીગુરુદેવનું મહાદેવનું કાર્ય એટલે વારંવાર જન્મવાનું અને વારંવાર મરવાનું તે બે મહાકામમાંથી મુક્તિ અપાવવાનું. આપણે જે પૂર્ણમાંથી આવ્યા છીએ તે પૂર્ણમાં પાછા પહોંચાડવાનું દુષ્કર કાર્ય શ્રી ગુરુદેવ જરાય કંટાળ્યા વગર આનંદથી કરે છે. તેથી તો શાસ્ત્રમાં કહ્યું છે કે—

દુર્લભો વિષયત્યાગો, દુર્લભં તત્ત્વદર્શનમ્ ।
દુર્લભં સહજાવસ્થા, સદ્‌ગુરોઃ કરુણાં વિના ॥

એવું કહેવાય છે કે પારસમણિના સ્પર્શથી લોઢાનું સોનું બને છે. પરંતુ પારસમણિ લોઢાને પોતાના જેવો જ પારસમણિ બનાવી શકતો નથી. એટલે કે નિજ-રૂપ, "સ્વ-રૂપ" દઈ શકતો નથી. જ્યારે શ્રીગુરુદેવ તો આપણી કોઈ પણ લાયકાત ન હોવા છતાં, આપણને પોતાની કૃપા વડે પોતાનાં જેવાં જ પૂર્ણ બનાવી દે છે. આપણને ઈશ્વરની સાથે અભિન્ન રીતે જોડી દે છે.

આવા સાક્ષાત્ પરમબ્રહ્મ સ્વરૂપ શ્રીગુરુદેવને ગુરુપૂર્ણિમાના અણમૂલ અવસરે આપણાં હૃદયકમળમાં બિરાજવા આપણે આમંત્રણ આપીએ-જેથી કરીને યુગયુગાન્તરની

ભવાટવીનો જે પ્રબળ ગાઢ અંધકાર આપણી ભીતરમાં પ્રસરી રહ્યો છે તે દૂર થાય. એક વાર ભગવાન સૂર્યનારાયણનું આગમન થયું એટલે અંધકારને નાસી ગયે જ છૂટકો. એક વાર માત્ર એક જ વાર શ્રીગુરુદેવની કૃપા આપણે પ્રાપ્ત કરી શકીએ તો તેઓ આપણી ભીતરમાં–હૃદયમાં બિરાજે. શ્રીગુરુદેવના હૃદયપ્રવેશથી ભીતરમાં અજવાળું જ પ્રગટે. અને જ્યાં શ્રી ગુરુદેવનું તેજ હોય ત્યાંથી અંધકાર–અહંકાર, અજ્ઞાન અવિદ્યાને ધમપછાડા કરતાં કરતાં ય ભાગવું જ રહ્યું.

તો આવો સાક્ષાત પૂર્ણબ્રહ્મરૂપ આપણાં વહાલા શ્રીગુરુદેવને આપણે સહુ શ્રદ્ધા–પ્રેમ–ભાવ–ભક્તિપૂર્વક પ્રાર્થના કરીએ કે, હે પ્રભુ,

"અસત્યોમાંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા.
ઊંડાં અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા.
મહામૃત્યુમાંથી અમૃત સમીપે નાથ લઈ જા.
તું હીણો હું છું તો તુજ દરશનાં દાન દઈ જા."

શ્રીગુરુદેવ ચરણાર્પણમ અસ્તુ ।
સદ્‌ગુરુનાથ મહારાજ કી જય ।
હરિ ૐ



# પત્ર પ્રસાદી

સંકલન : એક અધ્યાત્મ પ્રેમી

(હિમાલયના પત્રોમાંથી)

ઈશ્વરની કૃપા એટલી અનેરી છે કે જેના પર તે થઈ હોય છે કે થતી હોય છે તેવા માણસોની પણ કોઈક વાર ખૂબ ખબર લે છે. સામાન્ય રીતે માણસ એમ જ માને છે કે લૌકિક રીતે સુખ લાગે તો જ ઈશ્વરની કૃપા છે. સંકટ, દુઃખ કે વિપરીત પરિસ્થિતિમાં તેમની ઈશ્વર નિષ્ઠા ડગી જાય છે, ને ઈશ્વરની અવકૃપાનો તેમને ભાસ થાય છે. પણ આ એક અજ્ઞાન માત્ર છે. લૌકિક રીતે કેવલ સુખ જ જરૂરી છે એમ માનવું તદ્દન સાચું નથી, ને ઘણીવાર સુખને માટે દુઃખની જરૂર પણ પડે છે. એ એક સત્ય વસ્તુ છે. આમ સમજનાર વ્યક્તિ કદી દુઃખમાં ડગતી નથી. તે ઉપરાંત જેને એવો વિશ્વાસ છે કે ઈશ્વર સર્વ કાંઈ મંગલ જ કરે છે, તે દુઃખ કે કષ્ટમાં પણ મંગલતાનું દર્શન કરે છે તથા ઈશ્વરનું કંઈક રહસ્ય સમજે છેઃ દુઃખમાં તેની શ્રદ્ધા ડગી જતી નથી. ઇતિહાસમાં આપણે જોઈએ છીએ કે ઘણાયે મહાન ભકતોને માથે ખૂબ જ વિપત્તિ પડી છે. નરસિંહ ભગત, મીરા, તુકારામ જ્ઞાનેશ્વર એ બધાંને લૌકિક જીવનમાં અનેક વાર વિપત્તિઓ પડી છે, પરંતુ ફેર એ જ છે કે તેમની શ્રદ્ધા સાચી હતી. અનુકૂલ કે પ્રતિકૂલ હરેક પરિસ્થિતિમાં તે ઈશ્વરી કૃપાનું દર્શન કરતા હતા, ને તેથી જ વિપત્તિએ તેમની ઈશ્વરી નિષ્ઠામાં અગ્નિમાં ઘીના જેવું કામ કર્યું છે. નહિ તો જ્ઞાનેશ્વરનો તે વખતના બ્રાહ્મણ સમાજે જેટલો અનાદર કર્યો હતો, તેટલો બીજાનો ભાગ્યે જ કર્યો હશે.

નરસિંહ મહેતાને માથે તો મોતની મુસીબત આવી ગઈ હતી. ને સારી રાત ભગવાનના મંદિરની બહાર તેમને બેસવું પડ્યું હતું. છતાં તેમની શ્રદ્ધા ડગી નહિ, ને ભગવાને મંદિરના બંધ દ્વારમાંથી પણ તેમને હાર પહેરાવ્યો. મીરાના જીવન પ્રસંગો પરથી તો સંસારમાં તે દુઃખી જ લાગે, પણ તેમનું એક માત્ર સુખ એક સાચા ભગવદ્ ભક્તની જેમ ઈશ્વરનો પ્રેમ હતો, ને તેથી જ જે દુઃખની આગળ કોઈ પણ માણસ ભગવાનને ગાળો દેવા બેસે ત્યાં તેઓએ 'મેરે તો ગિરિધર ગોપાલ દૂસરા ન કોઈ' કહીને પ્રેમનો સંબંધ જ વધાર્યો. ઇશુને તો શૂળી પર ચઢવું પડ્યું, ને તે વખતના સમાજે તેનું જે અપમાન કર્યું તે તો અભૂતપૂર્વ ને ભયંકરમાં ભયંકર કહેવાય. છતાં તેઓએ "Thy will be done" કહીને બીજાની મંગલકામના જ કરી છે.

સાધારણ માણસને મન મૃત્યુ એ અભિશાપ કે દુઃખનું કારણ છે, પરંતુ ઇશુને મન તે વરદાન હતું, ઉત્સવ હતો, ઈશ્વરની ઇચ્છા હતી. તેથી જ તે તેમને સુખરૂપ થઇ ગયું. આવું કૃપા દર્શન, આવી દૃઢ શ્રદ્ધા, ઈશ્વરમાં પરમ પ્રેમ ના જાગે ત્યાં લગી આવી શકતી નથી. તે વિના ઈશ્વરનું દર્શન શકય પણ નથી. એટલે જીવનની પ્રત્યેક પરિસ્થિતિમાં ઈશ્વરી રહસ્યનું દર્શન કરતા રહેવાનો પ્રયાસ કરવો એ મુખ્ય વસ્તુ છે.

આપણે જે કાંઇ કરવાનું છે તે સંસારમાં રહીને જ કરવાનું છે. સંસાર એક એવી મોટી યુનિવર્સિટી છે કે ધારીએ તો તેમાંથી ઘણું ઘણું શીખી શકીએ. આસુરીમાંથી દૈવી સંપત્તિની પ્રાપ્તિ, કામ–ક્રોધાદિ પર વિજય, મન–ઇન્દ્રિયનો સંયમ, અનેકમાં એક ઈશ્વરની ઝાંખી, આ બધુ સંસારમાં



થઈ શકે છે–વિકાસ ને પતન બંને માટે સંસારમાં અવકાશ છે, કેમકે તેમાં બંને પ્રકારનાં અનુકૂલ ને પ્રતિકૂલ તત્ત્વો ભરેલાં છે. જેનામાં દૃઢ નિશ્ચય છે, નિશ્ચિત આદર્શ છે હરહંમેશ જે જાગ્રત છે, જે સદા આત્મ પરીક્ષણ કરીને પોતાની ત્રુટિઓને જુએ છે, ને દૂર કરવા સતત પ્રયત્નશીલ રહે છે, જે ઈશ્વર પર શ્રદ્ધા રાખી ઈશ્વરની પાસે પહોંચવા યથાશક્તિ પ્રયાસ કરતો રહે છે, તેમ જ જે આ સંસારને જ સર્વ કાંઈ સમજીને તેમાં સાકર પરની કીડીની જેમ આસક્ત થવા ને બદલે તેના વિધાતા એવા ઈશ્વરમાં આસક્ત થવા માટે જ સંસારનો ઉપયોગ કરે છે, તે સંસારમાં જીતી જાય છે. તે વિકાસ કરી શકે છે, એટલે પોતાના સત્યસ્વરૂપ આત્માની પાસે પહોંચી શકે છે. બાકી જે બાહ્ય રૂપરંગમાં રત, સ્ત્રી. ધન ને કેવલ બાહ્ય પદાર્થોમાં આસક્ત, હોય તે સંસારની સાચી બાજી હારી જાય છે, ને એક ઠોઠ નિશાળિયાની જેમ હતપ્રભ થઇને સંસારથી વિદાય લે છે.

શું એ આશ્ચર્ય નથી કે માણસને પૂર્ણ સુખ, પૂર્ણ આનંદ ને પરમ શાંતિ પ્રાપ્ત કરવા ઇચ્છા થતી નથી? શું એ અચરજ નથી કે જ્ઞાની ને પંડિત, ધની ને પ્રતિષ્ઠાપ્રાપ્ત પણ કેવલ સ્ત્રી, ધન ને બાહ્ય પદાર્થમાં જ આસક્ત છે? જન્મ–જરા–મૃત્યુ ને વ્યાધિ પર વિજય મેળવવા જીવનમાં ક્ષણે ક્ષણે દર્શન થઇ રહ્યું છે કે પોતાની શક્તિ સીમિત છે પોતાનું સર્વ કંઇ પરિમિત છે, છતાં તેમાંથી અપરિમિત શક્તિને, ત્યાગને અનાસક્તિ તથા સાધના દ્વારા પ્રાપ્ત કરવા, કોઈને તાલાવેલી જાગતી નથી એ શું અજાયબી નથી? ખરેખર આવી ઉત્કટ કે તીવ્ર ઈચ્છા જાગ્યા વિના મનુષ્ય પામર છે–આ બધુંયે સંસારમાં જ થઈ શકે છે. તીવ્ર ઈચ્છા સતત પ્રયાસ ને

પવિત્રતા, અનાસક્તિ તેમજ ઈશ્વરની પરમ ઉપાસના દ્વારા. પરંતુ સંસારનો આવો અનુકૂળ ઉપયોગ કરનારા મનુષ્યો બહુ ઓછા માલૂમ પડે છે. દયારામ કહે છે–'જે કોઈ પ્રેમ અંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે.'

("હિમાલયના પત્રો"માંથી)

સહનશીલતા વિના સંયમ નથી, સંયમ વિના ત્યાગ નથી, અને ત્યાગ વિના શાન્તિ નથી.

જીવનમાં બે સમય મૂંગા રહેવું. એક જ્યારે પાણીમાં તરતા હોઈએ ત્યારે, બીજું જ્યારે ગુસ્સો ચડે ત્યારે.

જિંદગી એટલી ટૂંકી છે કે એ ક્ષુદ્ર ન બની શકે.

જિંદગીની મોટી કરુણતા એ નથી કે માણસ કેટલું સહન કરે છે, પણ એ કેટલું ગુમાવે છે.

ધન્ય છે તેને કે જેને આદર કરતાં આવડયું છે પણ ઈર્ષા કરતાં નહિ, અનુસરતાં આવડયું છે પણ અનુકરણ કરતાં નહિ, જે પ્રશંસા કરી જાણે છે પણ ખુશામત નહિ, જે આગેવાની કરી જાણે છે પણ કાવાદાવા નહિ.



## દ્વિદલ

(લોકગીતનો ઢાળ)

વર્ષોનાં વર્ષો વીત્યાં તોયે ના આવ્યા !
કેમ કરીને મારું જીવતર ટકાવું કંથ ?
જીવનનાં જળ રે વહાલા, સૂકાઇ ચાલ્યાં !
જાગીજાગીને હું તો વિજોગણ થઇ ગઇ !
ઝૂરીઝૂરીને મારી નિંદલડી વહી ગઇ !
પળપળની ચેતનવંતી ચિનગારી ચેતી કંથ !
આતમની ઓશરીમાં પગલાં ના પાડયાં ?
શ્વાસે ઉચ્છ્વાસે નીરવ માળા જપંતી,
ધ્યાન ધરીને તારો પરચો ઝખંતી !
ધૂણી ધખાવી અહાલેક પોકારું કંથ !
ભવભવનાં અંધારાનાં વહાણાં ના વાયાં !

જયંતિલાલ આચાર્ય

# પ્રેરણાની પરબ

સંકલનઃ-નિલુ દવે

જે કાર્યમાં તમારી ઇચ્છા ન હોય, જે કાર્યથી તમારૂ મન વ્યથા અનુભવતું હોય એ કાર્ય કદી ન કરશો.

મુર્ખ લોકોની વાતો પર ધ્યાન શા માટે આપો છો? એ નિંદા કરે કે પ્રશંસા બેય નકામા છે.

તમે એટલા બધા મીઠા ન થશો કે જેથી દુનિયા તમને ચાવી જાય; તેમજ એટલા બધા કડવા પણ ના થશો કે જેથી દુનિયા તમને થૂંકી નાખે.

જીભમાં મીઠાશ ને કડવાશ બંને છે. મીઠી જીભ કામ કઢાવી આપે છે, કડવી જીભ મુશ્કેલીમાં મૂકી દે છે.

બધી વાત બધા ને લાગુ પાડી શકાય નહિ. એકના શબ્દોમાં બીજાનો અર્થ વાંચવા જતાં જ દુનિયામાં મારામારી અને ખૂનો સુધી વાત પહોંચે છે.

જેવું આકાશ સ્વચ્છ છે તેવા આપણે સ્વચ્છ થઇએ. જેવા તારા તેજસ્વી છે તેવા આપણે તેજસ્વી થઇએ.

શ્રદ્ધા અને પ્રેમથી જ મનુષ્યને ભગવાનના અપૂર્વ આશીર્વાદ અને ભક્તિ પ્રાપ્ત થાય છે.

જે મનુષ્યો ખંતીલા છે તેમને માટે દેવો ઝડપથી કામ કરે છે.

તમે પ્રભુને 'તમારા' માનશો તો પ્રભુ પણ તમને જરૂર 'પોતાના' માનશે.

---



# સ્વામી વિશુદ્ધાનંદ પરમહંસ

ગોપીનાથ કવિરાજ

રાયબહાદુર અભયચરણ સન્યાલ કવીન્સ કોલેજમાં પદાર્થ-વિજ્ઞાન વિભાગના મુખ્ય પ્રોફેસર હતા. તે સમયે તેઓ નોકરીમાંથી નિવૃત્ત થયા હતા. સૂર્યવિજ્ઞાન વડે થતા ચમત્કારો પ્રત્યક્ષ જોવાની એમની બહુ ઇચ્છા હતી. આથી એમણે મને ખાસ આગ્રહ કરવાથી મેં પૂ. સ્વામીશ્રી વિશુદ્ધાનંદજીને મળીને તેઓશ્રીના દર્શન અને મુલાકાત ગોઠવી આપી; એટલુંજ નહિ પરંતુ હું પોતે પણ તેઓની સાથે પૂ. બાબાજી પાસે ગયો. એમણે એક દિવસ વાતવાતમાં મને કહ્યું હતું કે સૂર્યનાં કિરણો વડે એક પદાર્થનું અન્ય પદાર્થ-માં રૂપાંતર કરવું એ વૈજ્ઞાનિક દૃષ્ટિથી અસંભવ છે. તેઓ આવી શકયતા વિષે વિશ્વાસ ધરાવતા ન હતા. એમનું માનવું હતું કે જે લોકો આવા ચમત્કારો પ્રત્યક્ષ જુએ છે, તેઓ દૃષ્ટિભ્રમથી ખોટું જોતા હોય છે. પરંતુ એમણે એ પણ કહ્યું હતું કે જો હું ખુદ મારી આંખે આ પરિવર્તન જોઉં, તો હું જરૂરથી તેમાં વિશ્વાસ કરૂં.

આ વિષય અંગે મેં શ્રી અભયબાબુ સાથે કોઇ ચર્ચામાં ન ઉતરતાં, જેનાથી તેઓ સૂર્યવિજ્ઞાનનો પ્રયોગ પ્રત્યક્ષ નિહાળી શકે, એવો અવસર એમને પ્રાપ્ત થાય, એવો ઉપાય હું ખોળવા લાગ્યો.

એક દિવસ મેં પૂ. બાબાજીને અભયબાબુ વિષે વિગતે વાત કરી અને વિનંતી કરી કે આપણા પ્રાચીન હિન્દુવિજ્ઞાન-નાં એક બે રહસ્યો આ વિજ્ઞાનવેત્તાને બતાવવાં ઉચિત થશે, એમ મને લાગે છે.

પૂ. બાબજીએ મને કહ્યું : આપના એ વિજ્ઞાનીકને આવતી કાલ અગર પરમ દિવસે સવારના ભાગમાં અહીં લઇ આવજો. તેઓ પોતે વૈજ્ઞાનિક છે એટલે પોતાની ખુદની આંખે જોયા વિના, કેવળ સાંભળેલી વાતો ઉપર કેવી રીતે વિશ્વાસ કરી શકે. ! "

મેં આ પ્રમાણેની ગોઠવાયેલ મુલાકાતની ખબર શ્રી અભયબાબુને પહોંચાડી અને તે પ્રમાણે સમયસર આવવા અનુરોધ કર્યો.

નક્કી કરેલા સમયે શ્રી અભયબાબુ આવી પહોંચ્યા. એમની સાથે બીજા પણ બેત્રણ સજ્જનો હતા. પૂ. બાબાજી તો પહેલેથીજ પોતાના આસન ઉપર બેસી એમના આગમનની વાટ જોતા હતા. હું પણ ત્યાં સમયસર પહોંચી ગયો ને એકબાજુ બેસી ગયો. વાત નીકળતાંજ શ્રી અભયબાબુએ સ્પષ્ટ ભાષામાં કહ્યું : " આપ જે કહો છો, તે મારા વિજ્ઞાનના અભ્યાસની વિરૂદ્ધ હોવાથી હું માની શકતો નથી. એથી મારી પોતાની ખાત્રી ને સંતોષ માટે હું જાતે તે પ્રયોગો જોવાની ઈચ્છા રાખું છું. એથી હું શરૂમાંજ પૂ. સ્વામીજીને અનુરોધ કરવા ચાહું છું કે જો આપ આપની ઇચ્છા પ્રમાણેની વસ્તુ પેદા ન કરો, પરંતુ મારી ઇચ્છા પ્રમાણેની વસ્તુની રચના કરીને મને બતાવો તો હું જરૂરથી આ રચનાવ્યાપારને સાચો માની શકું આપને જો મારી આ શરત મંજુર હોય તો હું એક પદાર્થનું નામ આપું : વળી તેઓએ વિશેષમાં ઉમેર્યું કે આ પ્રયોગ દેખાડતી વખતે કોઈ આવરણવાળી કે બીજી વસ્તુ આપની પાસે ન હોવી જોઇએ. આપે આપના બન્ને હાથ ધોઇને બેસવું જોઇએ."

પૂ. બાબાજી એ સૂચન સાથે સંમત થયા અને કહેવા



લાગ્યા "અરે ભાઈ, તમે જેવું ઇચ્છો છો, એ પ્રમાણેજ થશે, જેથી તમને ખાત્રી થઈ જાય ને કોઈપણ પ્રકારનો સંશય ન રહે, એમ કરવું ઉચિત છે. બોલો, તમે કયી વસ્તુની રચના જોવા માંગો છો ?"

શ્રી અભયબાબુ ઘડીભર મૌન થઇ ગયા. લાગ્યું કે તેઓ કેટલીક ક્ષણો વિચારમાં ડૂબી જઇ કોઇ અદ્ભુત વસ્તુ જે સહેલાઇથી વિચારમાં ન આવે એવી શોધી રહ્યા છે. આખરે બહુ વિચાર કરીને તેઓ બોલ્યા "ઇટના રંગનો એક ગ્રેનાઈટ પત્થરનો ટુકડો તેઓ સૂર્યકિરણો દ્વારા તૈયાર કરે. આ આપથી શું થઈ શકશે ?" એમણે પ્રશ્ન કર્યો. પૂ. બાબાજીએ શાંતિથી પ્રત્યુત્તર વાળતાં કહ્યું:–અવશ્ય થઈ શકશે. તમે આ સૃષ્ટિની અંદર રહેલા કોઈ પણ પદાર્થનું નામ આપશો તો તે થઇ શકશે–અહીં કશુંજ અસંભવ નથી. જે કિરણોના ભેગા થવાથી આ સમગ્ર વિશ્વ ઉત્પન્ન થયું છે, એ કિરણોના વ્યાપારને જાણીને, એના જોડાણ અને વિભાજનની પ્રણાલિ જાણી લેવાથી, આ વિજ્ઞાન જાણનાર યોગીને માટે કોઈપણ પદાર્થની રચના કરવાનું અસંભવ મનાતું નથી.'

શ્રી અભયબાબુએ પૂછયું:–શું આપની આ રચના ખરેખર સાચી હોવાની કે પછી કલ્પિત માનસિક ? સંમોહન વિદ્યામાં નિષ્ણાત માણસ પોતાના સંકલ્પ બળથી આવી રચના સંમોહન પામેલ લોકોને બતાવતા હોય છે.

પૂ. બાબાજી:–ભાઈ, તમે લોકો ખૂબ ભણ્યા ગણ્યા છો, એટલે સરલ વિશ્વાસ કરી નથી શકતા. હમણાંજ તમારી સામે તમે નિર્દેશ કરેલ વસ્તુનું નિર્માણ હું કરીને તમોને દેખાડીશ. પછી તમે જાતેજ એનો નિશ્ચય કરી લેજો કે એ વાસ્તવિક છે કે કલ્પિત. જે સાચી નિર્માણ શકિતથી પેદા

થાય છે તેને બધા જોઇ શકે છે અને બીજી વસ્તુઓની જેમ એનો વ્યવહાર પણ થઈ શકે છે.

એમ કહી પૂ. બાબાજીએ કહ્યું–અત્યારે થોડું ચોકખું રૂ લાવો, જેના ઉપર સૂર્યકિરણોનો સંચાર કરવામાં આવશે. રૂ સિવાય બીજો કોઈ પદાર્થ હોય તોપણ ચાલે, પરંતુ રૂ હોય તો સાધારણ રીતે સારૂં રહે છે સૂર્યનાં કિરણો ગ્રહણ કરવા માટે એ જરૂરી છે. ધીમે ધીમે નવી વસ્તુનું નિર્માણ જેમ જેમ થતું જશે તેમ તેમ તે વિલીન થઈ જશે. કોઈ-પણ વસ્તુના આધાર વગર, કોઈપણ શક્તિનું આકર્ષણ કરી શકાતું નથી. એ માટે આધાર જોઇએજ.

એ પછી થોડું રૂ મંગાવવામાં આવ્યું. શ્રી અભયબાબુએ એને પોતાના હાથમાં લઇ એનું પરીક્ષણ કર્યું. પછી પૂ. બાબાજીના હાથમાં આપ્યું. ત્યાર પછી પૂ. બાબાજીએ એક લેન્સ (કાચનો) બહાર કાઢ્યો, જેના વડે નિર્દેશેલ સૂર્યનાં કિરણોનું આકર્ષણ કરીને, આધારના ઉપર ફેંકવામાં આવે. આ પ્રકારના વિવિધ શકિતવાળા ઘણા બધા લેન્સ બાબાજીની પાસે પડેલા હતા. એ બધાંમાંથી પૂ. બાબાજીએ એક નાનો સરખો લેન્સ બહાર કાઢયો. લેન્સને જોતાંજ અભયબાબુએ કહ્યુ કે આ તો કોઈ મેગ્નીફાઇંગ ગ્લાસ લાગે છે.” પૂ. બાબા-જીએ કહ્યુ : “આ એવો લાગે છે એ બરાબર છે. પરંતુ એ કાચ-નો નથી. સ્ફટિકનો છે. ખાસ પદ્ધતિથી એને તિબેટના જ્ઞાન-ગંજ આશ્રમમાં બનાવવામાં આવે છે. ત્યાંની વિજ્ઞાનશાળા-માં પ્રત્યેક વિજ્ઞાનના વિદ્યાર્થીને વિજ્ઞાનના શિક્ષણ માટે એક એક આવો લેન્સ ભેટ તરીકે આપવામાં આવે છે. શક્તિના પ્રમાણભેદ પ્રમાણે જુદી જુદી જાતના લેન્સ હોય છે, તે સિવાય બધાના આકાર પણ એક સરખા નથી હોતા. આ



પ્રકારની વસ્તુ તમોને પાશ્ચાત્ય દુનિયામાં કયાંય મળશે નહિ.”

અભયબાબુ આ લેન્સને જોઈ મંત્રમુગ્ધ થઇને બોલ્યાઃ “લેન્સ જોવામાં ઘણોજ સુંદર છે તેમજ તેનું સુંદર હેન્ડલ જોઇને ખાત્રી થાય છે કે આ કોઈ અતિકુશળ કારીગરની બનાવટ છે.”

એ દરમ્યાન બાબાજી પોતાના જમણા હાથથી લેન્સ પકડી, ડાબા હાથમાં પકડેલ રૂની ઉપર, કોઈ ખાસ નિષ્ણાત-ની અદાથી સૂર્ય કિરણો ફેંકવા લાગ્યા. લેન્સના ભિન્ન ભિન્ન પાસામાંથી પસાર થતાં કિરણોનો ખાસ રંગ હતો. પૂ. બાબાજી લેન્સને એવી છટાથી ફેરવતા કે તેના પરિણામે જે રંગ નીકળતો, એના વિષે તેઓ સમજ આપતા. પરંતુ ત્યાં હાજર રહેલ બધા લોકો એ સૂક્ષ્મ રંગ વિષેની વાત બરા-બર સમજી શકતા નહિ.

બાબાજી કહેવા લાગ્યા, “જુઓ, રૂ કેવી રીતે ક્રમશઃ પાકી રહ્યું છે. તીવ્રભાવથી પાકી જવાની આ ક્રિયા ચાલી રહી છે.”

બધાંએ જોયું કે ખરેખર રૂ લાંબુ થઇને પાકી રહ્યું છે. ઘટ્ટ થવાની આ ક્રિયા બધા સારી રીતે જોઈ શકતા અને પછી એમાંથી લાલ આભા દેખાવા લાગી. પછી માલુમ પડયું કે ઘટ્ટ થયેલ રૂનો થોડોભાગ સખ્ત લાકડાના આકાર-નો થઈ ગયો છે, જ્યારે બાકીનો ભાગ પહેલાંની જેમ રૂનો રહ્યો છે. માત્ર આઠ દસ સેકન્ડો પછી બધાજ રૂએ લાંબા લાકડાનો આકાર ધારણ કરી લીધો છે. હવે લાલ ઇંટના રંગ જેવો રંગ વધારે સ્પષ્ટ રીતે જોઈ શકાતો હતો. રૂનો કોઈ લેશ-માત્ર ભાગ બાકી રહ્યો ન હતો. આ જોઇને શ્રી અભયબાબુના મુખ અને આંખો આશ્ચર્યથી પહોળાં થઈ ગયેલાં લાગ્યાં.

પૂ. બાબાજીએ એ ટુકડો અભય બાબુના હાથમાં આપ્યો અને કહ્યું : આ પ્રક્રિયાનો એક ભાગ પૂરો થયો. હવે પછી-ની પ્રક્રિયામાં આ ટુકડો પત્થરના રૂપમાં ફેરવાઇ જશે. શ્રી અભયબાબુ સારી રીતે પરીક્ષા કરી જોવા લાગ્યા,-પછી બોલ્યાઃ-આ તો લાકડા જેવો લાગે છે.”

તે પછી પૂ. બાબાજીએ બીજીવાર એને હાથમાં પકડી લેન્સ દ્વારા એના ઉપર કિરણો પાડવા માંડ્યાં. માત્ર ૧૦-૧૫ સેકન્ડમાંજ કહેવાતો લાકડાનો એ ટુકડો ખૂબ સખ્ત પત્થરના રૂપમાં ફેરવાઈ ગયો. જોવામાં તે અતિસુંદર લાલ રંગના ગ્રેનાઈટ પત્થર જેવો થઇ ગયો !

પૂ. બાબાજીએ કહ્યું:-જુઓ ભાઈ, આ તમારી ઈચ્છા પ્રમાણેનો થયો છે કે નહિ ?

શ્રી અભય બાબુ હવે શું બોલે ? એમણે કહ્યું:-હું જોઇ રહ્યો છું કે આ તો અતિ આશ્ચર્યકારક ઘટના છે. શું આને હું મારી સાથે લઇ જઈ શકું ? મારી ઇચ્છા છે કે હું આને બીજાઓને પણ દેખાડું. બધા શું જોઇ શકશે ?”

શ્રી બાબાજીએ કહ્યું:-જરૂરથી જોઈ શકશે. તમે તેને નિઃ-સંકોચ તમારી સાથે લઇ જઇ શકશો.’

શ્રી અભયબાબુએ પત્થરને લઇ લીધો. ત્યારે મેં તેઓને પૂછ્યું : હવે તો આપ સૂર્યવિજ્ઞાનને સ્વીકારશો ને ? પ્રત્યક્ષ અનુભવથી વધીને તો કોઈ મોટું પ્રમાણ નથી. શ્રી અભય-બાબુએ કહ્યું:-“હું પ્રત્યક્ષ જોઇ રહ્યો છું કે સૂર્યવિજ્ઞાન ખરે-ખર સત્ય છે. આ ગ્રેનાઈટ પત્થર છે, એ પણ સાચું છે. પરંતુ સૂર્ય આલોકથી આ ફેરફાર કેવી રીતે થાય છે, તે મારી સમજમાં આવતું નથી. આધુનિક વિજ્ઞાનના મત અનુ-સાર સૂર્યનાં કિરણોથી આ સંભવિત નથી-સંભવિત છે કે બાબાજીએ પોતાના યોગબળથી આ રચના કરી હોય. હું



આને વિજ્ઞાનની ઘટના માનતો નથી.”

શ્રી બાબાજીઃ-શું તમે યોગબળ અને ઇચ્છાશક્તિના કોઈ તત્ત્વને જાણો છો ?

જે ઇચ્છાશક્તિને નથી જાણતો, તે સૂર્યવિજ્ઞાનને પણ નથી જાણતો. એને માટે-જ્ઞાની તેમજ કર્મીના વાક્યને કોઇ-પણ પ્રકારના સંદેહ સિવાય સ્વીકારી લેવું એ કર્તવ્ય છે.

અભયબાબુએ માથુ હલાવી એનો સ્વીકાર કર્યો. છેવટે એમણે કહ્યું જે ફેરફાર થયો છે તે સત્ય છે. પણ તે શી રીતે થયો, તે મારી સમજમાં આવી શક્યું નથી. એમણે પૂ. બાબાજીને પ્રણામ કરી પત્થર લઇ ચાલવા માંડ્યું.

લગભગ એ સમયની આસપાસજ એક ખાસ જીજ્ઞાસુ પુરુષ બાબાજીની પાસે આવી પહોંચ્યા. એમને એમની ઇચ્છાનુસાર એક ફુલને ભિન્ન ભિન્ન અંશના ફુલોના રૂપમાં અને એના શેષભાગને પત્થરના રૂપમાં ફેરવી નાંખી, અખંડ એક ફુલના આકારની રચના બાબાજીએ કરી દેખાડી. આખી વસ્તુ એક ફુલ જેવી લાગતી હતી. જેની એક પાંખડી ગુલાબની, એક અહલની, એક કમળની અને એક ચંપાની હતી અને બાકીનો ભાગ પત્થરનો હતો. કેવી અદ્ભુત રચના !

એક દિવસ મેં આકૃતિ (Form) અને દ્રવ્ય (Matter) ના પરસ્પરના સંબંધ વિષે બાબાજીને પ્રશ્ન કર્યો. તેઓએ કહ્યું : વિજ્ઞાનની શક્તિથી કોઈ એક વસ્તુના આકારને બીજી કોઇ વસ્તુના દ્રવ્યમાં સંચાર કરાવી શકાય છે ! કયા પ્રકારે આ થાય છે, એ પ્રત્યક્ષ દેખાડવા માટે એક પાનને દુકાનમાંથી ખરીદી લાવવા કહ્યું. એ લઈ આવવામાં આવ્યું. આ પાન બંગાલ દેશમાં પ્રચલિત મોટા આકારનું પાન હતું. કાશીનું નાના આકારનું મઘઇ પાન પણ મંગવવામાં આવ્યું તે પછી બાબાએ કહ્યું કે “આ બંગલા પાનને કાશીના મઘઇ પાનમાં

ફેરવી નાંખી શકાય છે ત્યારે ત્યાં હાજર રહેલ એક ગૃહસ્થે કહ્યું: કાશીનું પાન સરસ હોય તે ખરૂં, પણ તે આકારમાં ખૂબ નાનું હોય છે.”

આ પછી પૂ. બાબાજીએ કાશીના પાનના સ્વાદને બંગલા પાનના સ્વાદમાં ફેરવી નાંખ્યો, અને બંગલા પાનના સ્વાદને કાશીના પાનમાં આરોપિત કર્યો, પછી તેમના આકારોને પણ બદલી નાંખવામાં આવ્યા. આથી કાશીના મઘઇ પાનનો આકાર બંગલા પાન જેવો થઇ ગયો જ્યારે બંગલા પાનનો આકાર અને સ્વાદ મઘઇ પાનનો બની ગયો. આકાર અને દ્રવ્યનું કેવું અદ્ભુત પરિવર્તન!

આપણને જે કાંઇ શીખવવામાં આવ્યું હોય તે બધું ભૂલી ગયા પછી જે બાકી રહે તેનું નામ કેળવણી.

IS:10001

ઓ. ૨૫૯૧૭
ફે. ૩૩૬૬૦
ઘ. ૨૮૨૧૪

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
“સત્યવાન” તથા “ચંદન”
૬, ૮ તથા ૧૦ હો. પા.

-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્કર્સ

ઢેબર રોડ, રાજકોટ-૨



# ‘પ્રકૃતિની પૂજા’

ભૂપતરાય મો. ઠાકર (ઉપાસક)

માનવી પ્રકૃતિના પોષક તત્ત્વોને પૂજે છે. હિંસક અને હાનિકારક તત્ત્વોને ધિક્કારે છે. પંચ તત્ત્વનાં આ શરીરમાં ચેતન તત્ત્વ સર્વસ્વ છે. આ ચેતન તત્ત્વને જાગૃત રાખવા માટે પ્રકૃતિ સહાયભૂત રહે છે. પ્રકૃત્તિના તત્ત્વો ચેતન તત્ત્વને પુષ્ટિકર્તા–સહાયકર્તા બની રહે છે. તેથી પ્રકૃતિનાં તત્ત્વો પૂજનીય છે.

આપણે સૌ વૃક્ષો–વનસ્પતિને પુજીએ છીએ. વડ, પીપળો, ઉમરો, ચંદન, ખીજડો, ખાખરો જેવા વૃક્ષોને આયુષ્યવર્ધક તત્ત્વ તરીકે–જીવન પોષક તત્ત્વ તરીકે પૂજીએ છીએ. ‘વનસ્પતિમાં જીવ છે’ એ વિજ્ઞાને પણ સ્વીકાર્યું છે. પીપળાના પાન અને મૂળિયાની પૂજા–અર્ચના આજે પણ થાય છે. ફળ ફૂલ-કંદમૂળ સંતો, સાધુઓ, સન્યાસીઓ, યોગીઓનો નિર્વિકાર, શુદ્ધ, સાત્વિક આહાર છે. જે ખોરાક ‘સમાધિ’ને બળવર્ધક બનાવે છે. ‘વન એ જ જીવન’ કહેવાયું છે. ‘वृक्षाणां रोपणं हितम् । સંસ્કૃતમાં પણ મળી આવે છે.

ગાય અને નદી આપણી લોકમાતાઓ છે. ગાયનું દૂધ આપણું શરીર તંદુરસ્ત–શક્તિશાળી બનાવે છે. લોહીમાંથી (માના) દૂધ અને દૂધમાંથી (બાળકને) લોહી બનાવવાની કુદરતની કળા અદ્ભુત છે. નદીને કાલેલકરે ‘માતા’ની ઉપમા આપી છે. નદીનું વહેતું વારિ આપણને જીવનની નિર્મળતા અને શીતળતા બક્ષે છે. સ્વચ્છતા અને સુંદરતા અર્પે છે. નદીનાં દર્શન પાવનકારી મનાયાં છે. નદીના કિનારે જ સંસ્કૃતિ અને સંસ્કારનું ઘડતર–ચણતર થયું છે.

સૂર્યનાં કોમળ કિરણો ચેતનાનો પ્રસાદ વહેંચે છે. ઊંડા અંધારેથી પરમ તેજ તરફ અભિમુખ કરે છે. રોગના જીવ-જંતુ-કિટાણુંઓને દૂર કરે છે. સમગ્ર સંસારને જીવન બક્ષે છે. 'ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્ સવિતુર્ વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।' ગાયત્રી મંત્રમાં સૂર્ય ઉપાસના છલોછલ ભરી છે. સૂર્ય આપણા આદિ-દેવ પ્રત્યક્ષ દેવ છે.

ગાય, બળદ, ઘોડો, કૂતરો, પોપટ, કબૂતર, કાગડો આપણાં પ્રિય પશુ-પક્ષીઓ છે. શ્રી કૃષ્ણે મોરપીંછ મુગટ ઉપર ધારણ કરી-પક્ષીઓની સેવાને શિરોધાર્ય કરી છે. પ્રાણીઓ આપણા પ્રિય સેવકો છે. આપણા વફાદાર મિત્રો છે. 'ગાય પશુઓની પ્રતિનિધિ છે' એમ ગાંધીજીએ કહ્યું છે. ગાયની સેવા કરી શ્રીકૃષ્ણે 'ગોવિંદ ગોપાળ' બિરુદ મેળવ્યાં છે.

અગ્નિના તત્ત્વને દાહક બળ કહ્યું છે. 'એકજ દે ચિનગારી, મહાનલ એકજ દે ચિનગારી' પંક્તિમાં પ્રકાશ-તાપની ઝંખના રહેલી છે. 'સ્વાહાઃ' શબ્દ કેવો ઉત્તમ છે. ખાધેલું અનાજ પચાવનાર 'જઠરાગ્નિ' ન હોય તો ! અનાજનું લોહી બનાવનાર અગ્નિ આપણું ચાલકબળ છે. અગ્નિની ઓળખાણ આપણી પ્રાગતિહાસિક ઓળખાણ છે. અગ્નિ હૂંફ, નિર્ભયતા, તેજ અને તાપ આપે છે. શેકેલાં ફળો આપણને સ્વાદિષ્ટ, પોચાં, પથ્ય લાગે છે. શરીરમાં રહેલી ઉષ્ણતા જીવન હોવાનું પ્રમાણપત્ર છે. ઠંડું શરીર મૃત: ગણાય છે.

પવન, વન આપણાં જીવન છે. 'ઇશ્વર શ્વાસોચ્છવાસમાં રમી રહ્યો' કહેવાયો છે. શ્વાસ જ જીવન છે. પંચ તત્ત્વના આ રાજ મહેલનો રાજા 'પવન' છે. રાજા વગરનું આ



શરીર ખંડેર છે. ન-નામી છે. पानी-केरा बुदबुदा अस मानस की जात । ફૂગ્ગાની હવા નીકળી જાય તો ? જીવજ શિવનું પ્રતિનિધિત્વ છે. પવનનું ઘર આ તન છે. પવનની શિતળતા, મધુરતા, સંચરતા ન હોય તો ? પવન શક્તિ છે. પવન (ઓક્સિજન) લોહી શુદ્ધ બનાવે છે. લોહી-માંસ જ શરીરનું બંધારણ છે. આપણે જીવનને પૂજીએ છીએ.

વૃક્ષો, પવન, અગ્નિ, સૂર્ય, પશુ, પક્ષી, પત્થર પણ આપણા પૂજનીય તત્ત્વો છે. પ્રકૃતિ તત્ત્વ તરફથી પરમ તત્ત્વ તરફ જવાય છે.

મનુષ્ય પ્રકૃતિનો પરમ અંશ છે. પ્રકૃતિને જોતાં, માણતાં, જાણતાં, અનુભવતાં માનવી ખુશ ખુશાલ બને છે. ચંદ્ર, તારા, ફૂલ, વૃક્ષ, પહાડ, ઝરણાં, રંગો, વરસાદ, પ્રકાશ, બાળકો, ઘાસ, પશુ સૌને જોતા જોતા હૈયું કેવું છલકાઇ જાય છે !

પ્રકૃતિ દેવો ભવ । કહેવું જોઇએ.

। ૐ ।

[આકાશવાણી-રાજકોટનાં સૌજન્યથી]


શ્રી યોગેશ્વર કૃપા.

**સંદિપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે-સુરત.

# શિબિરની વિશિષ્ટ છાપ

—શિબિરાર્થી

આ વર્ષે મે માસની ૧૮, ૧૯ને ૨૦ તારીખે મળેલી યોગેશ્વર પરિવારની ધ્યાનશિબિર યોગેશ્વરજીએ લીધેલી સ્થૂળ વિદાય પછીની પ્રથમ શિબિર હતી. અગાઉની શિબિરોમાં સંખ્યાનું પ્રમાણ અધિક રહેતું તે હકીકત હતી. તે દૃષ્ટિએ આ પ્રથમ શિબિર નાની ગણાય કારણ કે માત્ર ૩૦૦ (ત્રણસો) જેટલાં ભાઈબહેનોની હાજરી હતી. તે છતાં આ નાની લાગતી શિબિરની એક ખાસ વિશિષ્ટતા હતી તે કેમ ભૂલી શકાય ?

પ્રથમ વિશિષ્ટતા તો સ્થળ બાબતની ગણાય. અગાઉની શિબિરો મોટા મોટા શહેરોમાં થયેલી જ્યારે આ શિબિર તો ગ્રામ્ય વિસ્તારના કાયાવરોહણ તીર્થમાં આકાર પામી. કાયાવરોહણ તીર્થની સાથે સ્વામી કૃપાલ્વાનંદજીની યાદ અવશ્ય આવે જ. એકધારી બત્રીસ વર્ષ સુધી તેમણે પણ તપશ્ચર્યા કરેલી. એકવાર એવું બન્યું કે એક ખેડૂતને ખેતર ખેડતાં ખેડતા શિવલિંગની પ્રાપ્તિ થઈ. તે શિવલિંગ વર્ષો સુધી એમજ પડી રહ્યું. એકવાર સ્વામી કૃપાલ્વાનંદજી ઈ. સ. ૧૯૫૭માં એ તરફ ગયેલા ત્યારે તેમને તે શિવલિંગમાં પોતાના ગુરુ પ્રણવાનંદજીનાં દિવ્ય સ્વરૂપે દર્શન થયેલાં.તે વખતે તેમને પ્રેરણા થયેલી કે આ લિંગ લકુલીશ ભગવાન પોતે જ છે અને પોતાના ગુરુ સ્વામી પ્રણવાનંદજી પણ સાક્ષાત્ શિવસ્વરૂપ જ છે. તે સમયે તેમણે આ લિંગની વિધિસર સ્થાપના કરવાનો શુભ સંકલ્પ કરેલો ને પરિણામે આ કાયાવરોહણ તીર્થનો પુનરુદ્ધાર થયો. તેવા પવિત્ર ધામમાં આવી ધ્યાન શિબિર પહેલાં થઈ ન હતી.



તેથીય વિશેષ તો દિવ્ય શરીરનો સિદ્ધાંત પ્રસ્થાપિત કરનાર સ્વામી પ્રણવાનંદજીની શિષ્ય પરંપરા અહીંજ ફૂલીફાલી છે. સ્વામિ કૃપાલ્વાનંદજીના શિષ્ય રાજર્ષિમુનીજી ઈ. સ. ૧૯૬૭થી દિવ્ય શરીરના સિદ્ધાંતને ચરિતાર્થ કરવા માટે ઘોર તપશ્ચર્યા કરી રહ્યા છે. પંચમહાભૂતનું આ શરીર તો અન્નથી પોષણ પામ્યું છે. વરસાદથી અન્ન થાય ને અન્નથી વીર્ય બને અને વીર્યથી દેહ નિર્માણ થાય. તેથી દિવ્ય શરીરની પ્રાપ્તિ ત્યારે જ શકય બને કે જ્યારે અન્નનો સંપૂર્ણ ત્યાગ કરવામાં આવે અને સાથે સાથે કર્મજન્મ સંસ્કારોની પરિશુદ્ધિ કરવાનો સાધનાનો યજ્ઞ સતત ચાલુ રાખવામાં આવે. આવી શાસ્ત્રીય સમજને ધ્યાનમાં રાખી આ શિબિરનાં પ્રેરક ને સંચાલક મા સર્વેશ્વરીની તપશ્ચર્યાનું મૂલ્ય અનેકગણું વધી જાય છે છેલ્લા ૪૫૦ દિવસથી તેમણે અન્નનો સંપૂર્ણ ત્યાગ કર્યો છે. અન્ય પ્રકારની પરિશુદ્ધિનો યજ્ઞ તેમણે સતત જલતો રાખ્યો છે. આકરામાં આકરાં વ્રતો તેમણે કર્યાં છે. તેમના શરીરમાં જે તેજસ્વીતાનાં દર્શન થાય છે, તેમની વાણીમાં જે આત્મબળની પ્રતીતિ થાય છે, અને લોકસેવાની તેમની મૂક પ્રવૃત્તિમાં જે નિષ્કામતાનાં દર્શન થાય છે તે દિવ્ય શરીરની પ્રાપ્તિના સિધ્ધાંત સાથે બંધબેસતી કડી લાગે તો આશ્ચર્ય નહી. જો કે માનો આદર્શ આત્મદર્શન કે પરમાત્મદર્શન જ છે. સર્વસ્થળે, સર્વકાળે, સર્વ પરિસ્થિતિમાં ને સર્વ વસ્તુ પદાર્થોમાં પરમાત્મનાં દર્શન એ ભારતીય યોગ શાસ્ત્રોનો પરમ આદર્શ મનાયો છે. તે આદર્શની સિધ્ધિની મંઝિલ તરફ માની કૂચ વાયુ વેગે થઈ રહી છે તેવી પ્રતીતિ આ શિબિરમાં સહુ

કોઈને થયા કરતી હતી તે આ પ્રથમ શિબિરની અનન્ય પ્રકારની લાક્ષણિકતા ગણાય. પ્રત્યેક શ્વાસે ને પ્રત્યેક શબ્દે તો ગુરુના મહિમાનું જ ગાન ગાયાં કરતાં હતાં. પોતાના આંતરિક વિકાસનું એકમાત્ર કારણ ગુરુની શક્તિ જ છે. એવો અટલ વિશ્વાસ તેમનાં વકતવ્યમાં કાયમ રણકતો રહેલો. આ દષ્ટિએ આ શિબિર ઘણી મહિમાવંતી થઈ.

આ સિવાય બીજી પણ કેટલીક વિશિષ્ટ છાપ ઉપસી આવી છે જેવી કે પૂજ્યશ્રીને ન જોયા હોય તેવા માણસોની સંખ્યા સારા પ્રમાણમાં હતી. પૂજ્યશ્રીનું માત્ર સાહિત્ય વાંચીને જ તેઓ આ શિબિર તરફ આકર્ષાયા હતા. શિબિરમાં આવીને તે સૌને માનો આંતરિક પરિચય થયો અને પરિણામે તેઓના હૃદયમાં દઢતાપૂર્વક શ્રધ્ધાએ પાયો નાંખ્યો.

ચાલીસેક જેટલા યુવકોની સંખ્યા આ શિબિરનું ઉજળું પાસું હતું. યુવકો આધ્યાત્મિકતાને સમજે અને પ્રેમપૂર્વક તેના અમલ માટે કટિબદ્ધ બને તે આધુનિક સમયની માંગ છે. શ્રદ્ધાના અભાવવાળા વાતાવરણમાંથી બહાર નીકળી યુવકો આવી શિબિરમાં ભાગ લે ને નવજીવનનું ભાથું બાંધે તે નાનીસૂની વાત ન ગણાય.

મહિલાઓની સંખ્યા પણ ઓછી ન હતી. લગભગ પચાસ ટકા જેટલી મહિલાઓની હાજરી હતી. આધ્યાત્મિક ક્ષેત્રે મહિલાઓ પણ આગળ પડતો ભાગ ભજવે તે ઇચ્છનીય છે. વાતાવરણને શ્રદ્ધામય કરવું હોય તો મહિલાઓનો સહકાર પણ અનિવાર્ય છે. જુદા જુદા ક્ષેત્રોમાં તેઓ પણ અગ્રેસર બને તો કાર્ય સરળ બને. કુંદનબહેન રાણાએ આયુર્વેદને આધારે યોગનાં કેટલાંક પાસાંઓની મીમાંસા કરી તે ખરેખર સાંભળવા જેવી હતી. પ્રાધ્યાપિકા સંધ્યાબહેને પોતાનો અનુભવ કહી બતાવી મા સર્વેશ્વરીના મહિમાનું ગાન કર્યું અને સાંભળનારની બુદ્ધિને સંતર્પક એવું ભાથું પ્રદાન કર્યું. શ્રીમતી રંજનબહેન રાઠોડે પોતાના અંગત જીવનમાં મા-પ્રભુએ કેવી રીતે પ્રવેશ કર્યો અને કેટલા પ્રમાણમાં કર્યો તે સુંદર રીતે જણાવ્યું. ત્રણેત્રણ દિવસોને અંતે સુશીલાબહેન ભકતે જુદી જુદી ભાષામાં દેશભક્તિનાં શ્રેષ્ઠ ગીતો સંભળાવી સૌના હૃદયમાં દેશ પ્રત્યેની ભાવના જાગ્રત કરી હતી તે કેવી રીતે ભૂલી શકાય ?



સકીર્તનની હેલી એ આ શિબિરના ખાસ લાક્ષણિકતા ગણાય. અગાઉની શિબિરોમાં આ પ્રકારે સંકીર્તન થતું ન હતું. આ વખતે તો હાજર રહેનાર તમામે એકાગ્રતાપૂર્વક સંકીર્તન કર્યું હતું અને હેલી મચાવી હતી. મોરબી નિવાસી પૂજ્યશ્રીના અનન્ય ભક્ત ભાઈ શ્રી કલોલાએ તો ચૈતન્ય મહાપ્રભુની યાદ તાજી કરાવી હતી. શ્રી મહેન્દ્રભાઈ વ્યાસે પ્રત્યેક બેઠકમાં સંકીર્તન કરાવ્યું હતું. વડોદરાના પ્રજ્ઞાચક્ષુ ભક્ત શ્રી પ્રજ્ઞાચક્ષુ બંશીભાઈએ સુરીલા કંઠે ભજનો સંભળાવી સૌનું મનોરંજન કર્યું હતું. સમય કયાં વહી જતો હતો તેનું કોઈને ભાન રહેતું ન હતું. ભૂખ-તરસ પણ ભૂલી જઈ સહુએ આ શિબિરમાં ભાગ લીધો હતો.

શ્રી નારણભાઈ જાની, શ્રી બાબુભાઈ વ્હોરા અને એક સપ્તાહના સાધુના અનુભવો સંભળાવનાર શ્રી રેવાશંકર પુરોહિતની વાતોએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. પૂજ્યશ્રીની ખાસિયતો તેઓના વક્તવ્યોમાંથી જાણવાની મળતી હતી. એકવાર પૂજ્યશ્રીની સાથે નારાયણભાઇ દ્વારકાધીશના દર્શને ગયા હતા. તે વખતે નારાયણભાઈ પાસે સરકારી વાહનની વ્યવસ્થા હતી. સાથે પૂજ્યશ્રી ગ્રહણ કરે તેવા નાસ્તાની પણ સગવડ લીધી હતી. દ્વારકાના શંકરાચાર્યશ્રીના મઠમાં પૂજ્યશ્રીને

સારો ઉતારો કરી આપ્યો હતો. ઉતારે શાંતિથી નાસ્તો કરી શકાય તે હેતુથી નારાયણભાઈ ગાડીમાંથી સામાન લઇ આવ્યા. નાસ્તો ખોલીને નારાયણભાઇ પૂજ્યશ્રી સમક્ષ મૂકે છે ત્યારે પૂજ્યશ્રી નાસ્તો લેવાની ના પાડે છે. નારાયણભાઇ આશ્ચર્ય પામ્યા. પૂજ્યશ્રી માટે તો નાસ્તો લીધો હતો. છતાં પૂછ્યું તો પૂજ્યશ્રીએ ખુલાસો કર્યો કે નાસ્તો એંઠો થઇ ગયો છે એટલે મને ચાલે નહીં. નારાયણભાઇએ તપાસ કરી તો જણાયું કે ડ્રાઇવરે સામાન ખોલીને નાસ્તો ચાખી જોયો હતો. મહાપુરુષો સ્થળકાળને ભેદીને જોઇ શકે છે, જાણી શકે છે તેનો સુંદર ખ્યાલ આ દૃષ્ટાંત પરથી આવે છે.

પૂજ્યશ્રીમાં શાસ્ત્રીય જ્ઞાન અગાધ હતું અને તે અંગે બહુજન સમાજને પ્રાપ્ત થયેલા અનેક પુસ્તકોને કારણે ખાત્રી પણ છે. પરંતુ તેમનામાં પાંગરેલી પ્રભુતાનો ખ્યાલ એકાએક કોઈને હોતો નથી. અનુભવથી પુરુષ કહી સંભળાવે તોજ બહુજન સમાજને ખ્યાલ આવે. સંતોની ખાસિયતો, સંતોની સિદ્ધિઓ અને સંતોની વિશિષ્ટતાઓ અનુભવી પુરુષોની વાણી દ્વારા જ જાણી શકાય છે. તેથી તેવી વાણીનો સંચય કરવાનો સમય પાકી ગયો છે એવું સૂચન રાત્રે આ લખનારે શ્રી નારાયણભાઇ બાબુભાઈ અને મહેતા સાહેબને કર્યું હતું.

આ શિબિરમાં કાયાવરોહણ સંસ્થાના જાણીતા યોગ શિક્ષકોનું સારું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. દારા જે ભેસાણિયાએ પ્રાણાયામનો મહિમા બતાવ્યો હતો અને શ્રી દિલીપભાઇએ અંગકસરતો સાથે પ્રાણાયામ કેવી રીતે કરવો તેની સૂક્ષ્મ સમજ પણ આપી હતી. ત્રણે દિવસો તેમણે યોગ અંગે એક એક કલાક સમજ આપી હતી. એકંદરે આ શિબિર સફળતાપૂર્વક પૂર્ણ થઇ હતી.



# શરણાગતિ

સંકલનઃ–શ્રી પ્રશાંત દવે

(પ. પૂશ્રી યોગેશ્વરજીના પ્રવચનનો સંક્ષેપ)

માનવજીવનનો સાર પ્રકાશ અને અંધકાર–શરીર ધારણ કરનારે સમજવું જોઇએ કે અંધકાર શાશ્વત નથી, જીવન શાશ્વત છે. ચૈતન્યનો પ્રકાશ શાશ્વત છે. સકલ સૃષ્ટિમાં તે જ વ્યાપ્ત છે. સર્વત્ર પરમાત્માનો પ્રકાશ રેલાઈ રહ્યો છે. પરમાત્મા સિવાય કશાનો પ્રાદુર્ભાવ થતો નથી. જ્ઞાનીને પ્રભુનો અભાવ દેખાતો નથી. અજ્ઞાનીને પરમાત્મા સિવાયજ સર્વ કંઇ દેખાય છે. અને પરમાત્મા સિવાય સર્વ વસ્તુ પર તેને ભાવ થાય છે. ભક્તે, સાધકે સર્વ સ્થળે ઈશ્વરને જોવા, અનુભવવા યત્ન કરવો જોઇએ. આ માટે ગીતા અમોઘ સાધન શરણાગતિનું બતાવે છે. मामेकम् शरणम्व्रज કેવળ મારું જ શરણ સર્વ ભાવે મારી શરણાગતિ સ્વીકારી લે. પરમાત્મા સાથે જેણે આ સંબંધનો વિચ્છેદ કર્યો છે, તેને શાંતિ નથી. શ્રીમદ્ભાગવતમાં કુબ્જા કે ત્રિવક્રા એ આ જીવના વિચ્છિન્ન થયેલા સંબંધનું પ્રતીક છે. જીવાત્મા જ્યારે કુકર્મો કરે છે, ત્યારે કુબ્જા જેવો કદરૂપો બને છે. કંસનો પરિચાયક બને છે, જીવનમાં કૃત્રિમતાનો સંચાર થાય છે. પરમાત્માથી વિખૂટો પડેલો જીવ ત્રિવક્રા છે. જીવ જ્યારે ત્રિગુણાત્મિકા પ્રકૃતિને આધીન થઈ વર્તે, શરીર, મન અને અંતરાત્માને આધીન થઈ વર્તે ત્યારે તે ત્રિવક્ર બને છે. આવો જીવ શિવ–કૃષ્ણ–કૃષ્ એટલે આકર્ષણ–જીવને શિવનું આકર્ષણ ત્યારે પ્રભુ અનુગ્રહ કર્યા વગર રહી શકતા નથી. પછી ત્રિવક્રા સુંદરી બને છે. કંસની નહીં પણ કૃષ્ણની, સર્વને આકર્ષ-

નાર પરમાત્માની પરિચારિકા બને છે. જીવ પણ જ્યારે પ્રભુનો પરિચારક બને છે ત્યારે જ તે સર્વાંગ સુંદર બને છે. ત્યારે જ તે પોતાના મૂળભૂત સ્વરૂપને વ્યક્ત કરે છે. આથી જ કુબ્જા ત્રિવક્રા હોવા છતાં કૃષ્ણ તેના મૂળભૂત સ્વરૂપને યાદ દેવડાવતા તેને હે સુંદરી એમ સંબોધન કરે છે. આત્મા પોતે સુંદર સ્વરૂપ છે. સત્ય સ્વરૂપ છે. શિવ સ્વરૂપ છે. જીવે માત્ર પરમાત્માનું સાચું શરણ–અનુગ્રહ પ્રાપ્ત કરવાનો છે. જીવે સ્વીકારેલું પ્રભુનું શરણ ક્યારેક નકામું જતું નથી. પ્રભુના શરણથી જીવનું આત્યંતિક કલ્યાણ થાય છે જ. આથી ભક્તેતો માત્ર એકજ કાળજી લેવાની કે તેના જીવનમાંથી ભગવાન છૂટે નહીં. એનું ધ્યાન હંમેશા રાખવું. એક આદર્શ માનવ બનવું જોઇએ.

પ્રભુને શોધવા દૂર જવાની જરૂર નથી માતા દેવ છે. પિતા દેવ છે. આચાર્ય દેવ છે. અતિથિ દેવ છે. પતિ દેવ છે. પત્ની દેવ છે. સર્વત્ર દેવ છે. માત્ર જીવે તે જોવાની-દષ્ટિ બદલવાની-કેળવવાની રહે છે. માનવ એકવાર ઓળખીલે કે આ સર્વે દેવ છે, પછી વ્યવહાર આપો આપ બદલાઇ જાય છે. જીવ વિભીષણ–જેની ભિષણતા ઓગળી ગઇ છે. તેવો પ્રભુના અનુગ્રહથી મંગલમય બને છે, કલ્યાણરૂપ બને છે, ત્યારે પ્રભુ એનો સ્વીકાર કરે છે. માનવે આથી સાચાભાવથી પ્રભુનું શરણ લેવાની જરૂર છે.



## હેત

જે થોડું વપરાતાં ખાલી થઇ જાય.
જે યુગપર્યન્ત વપરાતાં જરા પણ
ઓછું ન થાય.
જે એકાદ મહિનો ન વપરાતાં ગંધાઇ ઉઠે
જે વર્ષો સુધી ન વપરાતાં પણ
નિર્મળ-સ્વચ્છ રહે.
એક ધરતીથી વિખુટું પડી ઉપરવટ જતું
બીજુ ધરતીની અંદર સમાય જતું
તેનું જ અંગ બની રહેતું.
એકમાં માપ કરતાં જરા વધુ ભરાતા ઉભરાઇ જતું
બીજામાં અમાપ સમાઇ રહેતું
એક બહુરૂપી બની લોકોની નજર સામે ચઢતો
બીજો ગૂઢ માંડ શોધ્યો લાધતો
ટાંકા અસંખ્ય, પાતાળકૂવા જૂજ—
પાણી બન્નેમાં.
મારા સ્વામી કહે હેત આવું
પ્રેમીનું અને જ્ઞાનીનું.

—સાધુ આનંદજીવનદાસ

## મન ! તું !

મન ! તું રાગ દ્વેષની ખાણ !
પરમ પ્રભુની પ્રાપ્તિ આડે
કેવડી મોટી હાણ ! .........મન ! તું !
અમથા મુખમલકાટે મલકે,
પાંપણને પલકારે છલકે,
કમાન છટકે નાજુક છણકે
તારા જેવું ખલ કો ખલકે ?
માંડે લગને કાણ ! ..........મન ! તું !
સ્વર્ગ-સુખ સહજે તું સર્જે,
જહન્નમ પણ તારામાં ગર્જે,
શિવ-સંકલ્પે શું ના વર્જે ?
બંધન-મુક્તિનું તું કારણ
દેહ-ગગનનો ભાણ .........મન ! તું !
પારદ-પવન થકી તું ચંચલ !
જીવ-મીન કાજે તું બનતું ગલ
તાગી શકે વિરલા તારૂં છલ :
તું ધારે તો પવન-પાવડી
અથવા મોટો પ્હાણ ! .........મન ! તું !
મરી જા, મરી જા, મન ! તું મરી જા.
વળી જા, વળી જા, શુભમાં વળી જા.
ભળી જા, ભળી જા, પ્રભુમાં ભળીજા.
તારા લયમાં પાર્થિવતા-લય
સત્ય સનાતન જાણ .........મન ! તું !

ડૉ. રણજિત પટેલ (અનામી)



## "ભીખગંગા"

રાગ : રઘુપતિરાઘવ રાજારામ......

હરદ્વાર આયા મા ગંગા, દર્શના કા હું મૈં ભીખમંગા
બનકે તપસ્વી તટ પે તેરે, આકર કબ મૈં બૈઠુંગા ?
માત મોરી સર્વેશ્વરી સંગા, ઠહરે જહાં રહે શ્રીરંગા,
કરદે કૃપા અબ દે મા ગંગા, દર્શન કા હુ મૈં ભીખમંગા
બહોત પીયા મા તેરા પાની, સમઝ શકા ના તોરી બાની
કરતા રહા ખૂબ મનમાની, રહ ગયા ફિર યુહી અજ્ઞાની
માત મોરી સર્વેશ્વરી સંગા, જગ જૂઠા કબ જાનુંગા
કરદે કૃપા અબ દે મા ગંગા, દર્શન કા હું મૈં ભીખમંગા
કામક્રોધ કે કાલીનાગ પર, કૃષ્ણ હો કે કબ નાચૂંગા ?
પીકર સારા જહર જહાંકા, નીલકંઠ કબ કહલાઉંગા ?
માત મોરી સર્વેશ્વરી સંગા, ધ્યાનમેં કબ ડૂબ જાઉંગા ?
કરદે કૃપા અબ હે મા ગંગા, દર્શન કા હું મૈં ભીખમંગા.
સૂનલે બાત અંતિમ યે મોરી, કરહું પ્રણામ દો કર મૈં જોરી.
દર્શન દે અબ કર ના દેરી, બંધના હો અંખિયા મોરી.
કબહૂં મિલે ફિર ઐસા પ્રસંગા ? માત મોરી સર્વેશ્વરી સંગા.
હરદ્વાર આયા મા ગંગા, દર્શન કા હું મૈં ભીખમંગા.

—હરેન્દ્રભાઈ પાઠક

# દેવી ક્ષમાપન સ્તોત્ર

—યોગેશ્વરજી

[જગદંબાની પૂજા કર્યા પછી પૂજામાં કોઇપણ પ્રકારની ખામી રહી ગઇ હોય તો આપણે તેની ક્ષમા માગીએ છીએ. પૂજાને અન્તે આવા અપરાધોને ક્ષમા કરવા માટે મા જગદંબાને વિનમ્રભાવે થતી આ પ્રાર્થના છે. મૂળ સંસ્કૃત ભાષામાં દુર્ગાસપ્તશતિમાં તે લખાયેલી છે. પ. પૂ. શ્રી યોગેશ્વરજીએ મૂળનો ભાવ બરાબર જાળવી એનું કાવ્યમાં સુંદર રૂપાંતર કર્યું છે. સાધકોને તે મોઢે કરવા યોગ્ય હોઈ અત્રે આપ્યું છે—તંત્રી]

દિવસ રાત અપરાધ હજારો,
મારાથી મા ! થયા કરે;
દાસ તમારો મને માનતાં,
ક્ષમા કરો એ સર્વ શુભે ! ૧

આવાહનને ના જાણું હું,
જાણું નહિ વિસર્જનને;
પૂજાનો પણ મર્મ ન જાણું,
ક્ષમા કરો જગદંબા હે ! ૨

મંત્ર, ભક્તિ કે ક્રિયાવગરનું,
પૂજન પ્રેમે આજ કર્યું;
પૂર્ણ અને વિધિપૂર્વક જાણી,
સ્વીકારો તે ધન્ય બધું. ૩

અપરાધ કરી અનેક પણ જે,
'જગદંબા' ઉચ્ચાર કરે;



તે જનને બ્રહ્માદિદેવને,
દુર્લભ ગતિ તત્કાળ મળે. ૪


અપરાધી તો પણ છું આવ્યો,
શરણુ તમારે હે જગદંબ !
યોગ્ય હોય તો કરો, કૃપાની,
કૃપાપાત્ર પર વહવો ગંગ. ૫

અજ્ઞાને, ભૂલે ભ્રાંતિ થકી,
ન્યૂનાધિક કૈં હોય થયું,
પરમેશ્વરી, ક્ષમા કરતાં તે
વરસો કરૂણાધાર હજુ. ૬


કામેશ્વરી જગન્માત હે,
દિવ્ય સચ્ચિદાનંદ મયી !
સ્વીકારો પ્રેમ થકી પૂજા,
પ્રસન્ન સત્વર થાવ વળી. ૭

ગુહ્યાતિગુહ્યનાં રક્ષક હે,
સ્વીકારો જપને મારા;
કૃપા કરી સંસિદ્ધિ આપો,
અપનાવો સ્તુતિની માળા. ૮

દર મહિને રૂ.૧૦૦
છ વર્ષ સુધી બચાવો
અને
જિંદગીભર દર મહિને
રૂ.૧૦૦ મેળવો



કેવી રીતે ? બહુ સીધી વાત:
રાષ્ટ્રીય બચત પત્રોની
છઠ્ઠી શ્રેણીમાં



છ વર્ષે આ રકમ બમણી થાય છે.
એટલે કે.રૂા.૧૦૦ના
રૂા. ૨૦૧–૫૦ પૈસા થાય;
એમાંથી રૂા. ૧૦૧–૫૦ પૈસા તમે લઈ લ્યો.
અને બાકીના રૂા. ૧૦૦ દર મહિને
ફરીથી આ બચત યોજનામાં જમા કરાવો.
આમ દર મહિને તમને રૂા. ૧૦૦ મળ્યા કરશે.

આવા બચતપત્રો રૂા. ૧૦,
૫૦, ૧૦૦, ૫૦૦, ૧૦૦૦, ૫,૦૦૦
અને ૧૦,૦૦૦ ના મૂલ્યમાં મળે છે.

વાર્ષિક ૧૨ ટકા કરમુક્ત ચ.વૃ. વ્યાજ.

–સચિવ, નાની બચત અને
રાજ્ય લોટરી,ગુજરાત.



# જીવનમાં અદ્વૈતની શોધમાં

મણીભાઇ ર. દવે.

જીવન પોતેજ પરમાત્મા છે. છતાં તે મનુષ્ય દેહમાં આવીને બેચેન કેમ બન્યું છે, તે વિચારતાં જણાય છે કે તેની અનંતતા તથા અદ્વૈતતા, દેહને કારણે દ્વૈત અને પરિમિત બની છે. મનુષ્યજીવન તો પરમાત્માનું જીવન છે, પરંતુ તે જુદા જુદા દેહોમાં પુરાએલું હોવાથી તેને પોતાની અદ્વૈતતા ફરી પ્રાપ્ત ન કરે ત્યાં સુધી દેહ અને જગતમાં બેચેનીનો અનુભવ થતો રહે છે. દરેક મનુષ્ય દેહ અને ઇન્દ્રિયોના સુખ મારફત પણ પોતાના જીવનનું અદ્વૈત શોધતો હોય છે. દરેક સુખનાં સાધનો જીવનને બહાર લઇ જઇ તેનામાં દ્વૈત પેદા કરતાં હોવાથી જીવન પરતંત્રતા અનુભવતું હોય છે. પ્રાણી પદાર્થોનું સુખ પરિમિત હોવાથી જીવન તેનાથી શાંતિ અનુભવતું નથી. આપણે જોઇએ છીએ, અને દરેક મનુષ્ય પોતાનો અનુભવ જાહેર કરે છે કે ગમે તેટલાં સુખનાં સાધનો સંપાદન કરવા છતાં, જીવન તેના વડે ચેનમાં રહી શકતું નથી. તેનું કારણ તેને સુખ માટે પોતાનું અદ્વૈત છોડવું પડે છે. તેને જો કે ભાન હોતું નથી કે તેની બેચેની શાને કારણે છે, એટલે તે બહારની પોતાની ખોજ પદાર્થો બદલવામાં અને સંસારના સુખની વિધવિધતા સર્જવામાં ચાલું રાખે છે. જીવન પોતાનેજ શોધી રહ્યું છે-પરંતુ તે બહારની બાજુ. પોતાનું સુખ દ્વૈતમાં નાંખીને ભોગવવા માંગે છે.–અદ્વૈત પોતાને બહારની બાજુ વહેંચી નાંખવાની ભૂલ કરે છે. એટલે દ્વૈત સર્જાય છે. એટલુંજ નહી પણ તેથી એક ભ્રાંતિ પણ સર્જાય છે કે તે સુખ પોતાનું હોવા છતાં જાણે ઇન્દ્રિયો

અગર પદાર્થોમાંથી આવતું હોય તેવું તેને લાગે છે.-પોતાનું સ્વતંત્ર સુખ તે ઇન્દ્રિયોની પરતંત્રતામાં નાંખીને ભોગવે છે. તેથી બેચેની જીવનમાં સદાયની રહેતી હોય છે.

જીવન પ્રેમનું સ્વરૂપ છે, તેથી દેહના પરમાણુઓ એક-બીજા સાથે પકડાઈ રહ્યા છે. પરંતુ જીવનનો પ્રેમ દેહમાં આસકત થવાથી તેણે મોહનું રૂપ ધારણ કર્યું છે. આ મોહ બહિરગામી રહેવાથી જીવનને પોતાના સ્વરૂપની વિસ્મૃતિ થઇ છે. બધા મનુષ્યોનું જીવન આવી રીતે દ્વૈતમાં ફસાએલું હોવાથી તેને સ્વરૂપની વિસ્મૃતિની બેચેની છે. જીવન બેચેની-માંથી શાંતિ મેળવવા અનેક વિધવિધતા સર્જી તેમાંથી સુખ શોધે છે. પરંતુ તેના આ બધા પ્રયત્નો વધારે ને વધારે દ્વૈત પેદા કરનાર નીવડે છે. આપણો સામાન્ય અનુભવ હોય છે કે જેમ જીવનની જરૂરિયાતો સાદી અને ઓછી તેમ આપણે આંતરિક શાંતિનું સુખ અનુભવીએ છીએ. મોજશોખ-ના સાધનોએ વધારે દ્વૈત પેદા કર્યું છે. તેથી મનુષ્ય જીવન-માં તણાવગ્રસ્ત રહેતો જોવામાં આવે છે. એટલે સહજ અનુ-માન થાય છે કે જેમ જેમ આપણી જરૂરિયાતો અદ્વૈત તરફ વલણ પકડતી જાય છે તેમ તેમ જીવન આંતરિક સુખ ભોગવતું લાગે છે, કારણ કે જીવનને બહારની બાજુ દ્વૈત અર્થે આવવું પડતું નથી. આપણે જાણીએ છીએ કે સંતોએ એકાન્ત અને ઓછામાં ઓછી જરૂરિયાતવાળું જીવન પસંદ કર્યું હોય છે. તેનું કારણ તેઓ જીવનસાથે અદ્વૈતનું સુખ નિર્માણ કરવા માંગતા હોય છે.

મનુષ્યદેહમાં જીવનદ્વારા પરમાત્મા પ્રગટ થઇ રહ્યો છે. પરંતુ મનુષ્યને તેનું ભાન નથી. દરેક શ્વાસ દ્વારા તે પોતાની હસ્તી જાહેર કરી રહ્યો છે. પરંતુ મનુષ્ય તેને પોતાની કામ-



નાઓમાં વિભાજીત કરીને વાપરી રહ્યો છે-ભગવાનની એકતા મનુષ્ય આ રીતે તોડીને જીવી રહ્યો છે. તેની બેચેની છે. મનુષ્ય ભગવાન તરફ વળે છે ત્યારે પ્રેમનો પ્રવાહ જે બહાર-ની બાજુ દ્વૈતમાં વહેતો હતો તે અંદર વળે છે. ભગવાનને ઈષ્ટ બનાવી જીવન અંદર ગતિ કરે છે ત્યારે તે સાચી દિશામાં પ્રવાહિત થાય છે-ભગવાન માટેનો વિરહ દરેક સંતના જીવનમાં પ્રગટેલો જોવામાં આવે છે. તે પણ અદ્વૈત તરફની ગતિસૂચક હોય છે, કારણ કે વિરહની દશા પણ દ્વૈતની હોય છે. ભક્ત ભગવાનથી જુદો રહેવા માંગતો નથી. વિરહની દશા કાયમ રહેતી નથી પરંતુ તે અદ્વૈતમાં પરિણામ પામી વિરમી જાય છે ભગવાનને નિમિત્ત બનાવી વિરહ દ્વારા જીવન પોતાનું અદ્વૈત શોધી કાઢે છે ત્યારે તે સદાને માટે મુક્ત અને સુખી બને છે. મનુષ્યમાત્ર અદ્વૈતનો પ્રવાસી છે. તેનામાં અનંત જીવન ધબકી રહ્યું છે, તેની સાથે પોતાનો તાલ મીલાવતાં આવડે તો બધી સાધનાનો સાર તેમાં આવી જાય છે. જીવનની એકતા પોતેજ અદ્વૈત છે તેવું ભાન થાય. સંતો દેહમાં રહેવા છતાં અહંકાર વિનાના હોવાથી જીવનની અદ્વૈતતા અને અનંતતા અનુભવતા હોય છે.

ભગવદ્ ગીતાના બે પ્રધાન શ્લોકો અદ્વૈત તરફની સૂચના રૂપે છે. સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।। અહં ત્વાં સર્વ પામેભ્યો મોક્ષયી શ્યામિ મા શુચ ।। આ શ્લોકમાં ભગવાન અર્જુનને એવો બોધ આપે છે કે તું અત્યાર સુધી મન અને ઇન્દ્રિયોના ધર્મમાં જીવે છે. ધર્મનો બીજો અર્થ ગતિ. મન અને ઇન્દ્રિયો કાંઇક કરતી હોય છે. દરેકના જુદા જુદા ધર્મો હોય છે. દા. ત. આંખનો જોવાનો, કાનનો સાંભળવા-નો વગેરે જુદા જુદા ધર્મો કહેવાય. આ બધા ધર્મોને છોડી દેવાની ભગવાનની સૂચના છે. એટલે તેમાં સંયમ લાવવો

જોઇએ. કાંઈ આંખ બંધ કરવાથી તેનો સંયમ થતો નથી. પરંતુ તેનો જરૂરી ઉપયોગ કરવા પૂરતી આંખને વાપરવાની છે. તે જ્ઞાન માટેની ઇન્દ્રિય છે તેના વડે નાટક સિનેમા જોઇએ ત્યારે તેનો દુરૂપયોગ કર્યો ગણાય. ઇન્દ્રિયોના ધર્મોનો પરિત્યાગ કરવા માટે શું કરવું જોઇએ ? તેમનો પ્રત્યાહાર એટલે તેમના આહારની દિશા બદલી નાખવી જોઈએ. હાલ તેમનો આહાર બહારની બાજુએ છે. તેને આત્મા તરફ વાળવો જોઇએ. ઇન્દ્રિયો પોતાના આહાર માટે સદાય બહાર ગતિ કરતી હોય છે. તેમની ગતિ જો આત્મા તરફી કરવામાં આવે તો આત્મા તો એક અને અવિચળ હોવાથી તેમની ગતિ અંદર જતાં બંધ પડે. બહારની દિશામાં વિષયો અનેક છે. એટલે ઇન્દ્રિયો સદાય ગતિશીલ રહેતી હોય છે. તેમને શાંત રહેવું અશક્ય લાગે છે. જો તે અંતરમુખ થાય તો એક જ વિષયરૂપ આત્માને લક્ષ્ય બનાવે એટલે મન, ઇન્દ્રિયોની ગતિ બંધ પડે. ભગવાન "મામેક" કહી પોતાને એકલાને શરણે આવવાનું કહે છે. તેથી મનને ફક્ત શરણે આવવા જેટલીજ ગતિ કરવાની રહે. પછી તો તે ભગવાનના સાંનિધ્યમાં શાંત થઈ જાય. ધ્યાનમાં મન શાંત થઈ જાય–તે જીવનના અદ્વૈતની સ્થિતિ છે. અદ્વૈતમાં કાંઈ કરવાનું હોતું નથી, પરંતુ ત્યાં તો ફક્ત હોવાનું છે. ત્યાં તો તમારાં છે એપણાની સ્થિતિ હોય છે એટલે આત્માનું સલિલ તરંગિત થતું નથી. બહાર પણ પરમાત્મા તો તેનો તેજ છે. પરંતુ નામરૂપવાળો છે. મનની ચેતના ઇન્દ્રિયોદ્વારા જ્યારે બહાર આવે છે, ત્યારે જુદાં જુદાં નામરૂપોને વિષયો બનાવી આમથી તેમ ગતિ કરે છે. તે ગતિ કરવામાં મન ડહોળાઇને પડદો બની જાય છે. તેથી નામરૂપની પાછળનો પરમાત્મા દેખાતો નથી–એક વખત મન અદ્વૈતનો અનુભવ કરી શાંત



થઈ જાય, પછી તે જ્યારે બહાર આવે છે ત્યારે મનના ગુણધર્મો બદલાઈ જાય છે. તે નામ રૂપોમાં પણ પરમાત્માનું સ્વરૂપ દેખે છે. તે ઘાટમાં પણ સુવર્ણ જુએ છે. એટલે પછી મન નામરૂપથી ચંચળ બનતું નથી. મનની શાંતિ બહાર અને અંદર એક સરખી રહે છે તે અદ્વૈતના જ્ઞાનનો પ્રતાપ છે.

ગીતાનો બીજો શ્લોકઃ–અનન્ય શ્ચીન્તયંતો મામ્યોનરઃ પર્યુપાસંતે ॥ તેષામ્ નિત્યાભિયુક્તાનામ્ યોગક્ષેમં વાહામ્યહમ્ ॥ આ શ્લોકમાં પણ ભગવાનનો બોધ એવો છે કે મનુષ્યમાત્ર અન્ય ચિંતનમાં જીવન ગુજારે છે. તેથી તેનામાં વાસનાનું અને અહંકારનું જીવન સર્જાય છે. અહંકારનું જીવન કર્તાભાવનું જીવન હોવાથી તેનાથી થતાં બધાં કર્મો પાપમય હોય છે. અહંકારથી થતું સત્કર્મ પણ બંધનકારક બને છે. તેથી ભગવાન કહે છે કે તું અન્યનું ચિંતન છોડી દઈ અન્ય એટલે એકધારૂં મારૂં ચિંતન કરવાનું રાખીશ તો હું તારા યોગની કુશળતાને સાચવીશ. તારે તારી સાધના માટે પછી ચિંતા કરવાની નહીં રહે. ભગવાનમાં જો મન અનન્યભાવે જોડાએલું રહે તો ભગવાન કૃપા કરીને અહંકારનું વિસર્જન કરે એટલે જીવના બધાં પાપકર્મો પણ ભસ્મ થઈ જાય.

આ શ્લોકમાં પણ અનન્ય એટલે અદ્વૈતની ઉપાસના કરવાની સૂચના છે.

# રાષ્ટ્રીય એકતાના પ્રતીક ભગવાન શિવ

આચાર્ય હજારીપ્રસાદ ત્રિવેદી
—અનુ. ભાનુકુમાર નાયક

કોણ જાણે કેટલાંયે વર્ષોથી ભારતવર્ષ એક અને અખંડ દેશ બની રહેલો છે. રાજનીતિક ઊથલપાથલ અને બહારનાં આક્રમણોનાં સંકટ તેની ઉપરની સપાટી પૂરતી જ અસર કરે છે. આ હલચલોની ભીતરમાં તે સદાસર્વદા નિશ્ચલ અને અડગ રીતે એક જ રહ્યો છે, પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ સુધી જે વાતો ને જે આસ્થાએ એને એક રાખ્યો છે એમાં મુખ્યસ્થાન 'શિવ' જેવા સર્વજનોપાસ્ય મહાદેવનું છે. ઇતિહાસના જ્યાં સુધી સગડ મળે છે ત્યાં સુધી શિવપૂજા મળી આવે છે. ઋગ્વેદમાં 'શિવ' નામ તો એક–બે વાર જ આવે છે, પણ તેવા જ અર્થમાં 'રુદ્ર' ઘણીવાર આવે છે. યજુર્વેદમાં તો શિવનાં એ બધાંજ શિવનાં નામો ને વિશેષણો-નો ઉલ્લેખ છે જે એ પછીના સાહિત્યમાં મળી આવે છે. તેઓ 'મહાપિનાકી' છે (શુ. ય. ૧૬-૫૧) 'કપર્દી' છે (શુ. ય. ૧૬–૧૦) 'નીલગ્રીવ' કે 'નીલકંઠ' છે (શુ. ય. ૧૬/૧/૬૬/૮) 'ત્ર્યંબક' અને 'ત્રિલોચન' (કૃ. ય. ૧/૮/૬) કહેવાનો અર્થ એ છે કે જે નામો અને રૂપો રામયણ અને મહાભારત, પુરાણો ને આગમોમાં મળે છે એ નામો ને રૂપો આ આદિ ગ્રંથોમાં–વેદોમાં મળે છે. જે લોકોએ સિંધુ સંસ્કૃતિનો અભ્યાસ કર્યો છે તેમને એ વેળા પણ શિવની ઉપાસના અને યોગ તેમજ સમાધિ અંગેનાં પ્રમાણો મળે છે. પુરાણોમાં



પણ રાવણ અને અસુર જાતિઓના બીજા રાજાઓને પણ શિવભક્ત બતાવાયા છે. ભારતવર્ષના ઇતિહાસનું કોઇ એવું પાનું નથી કે જેમાં દેવાધિદેવ મહાદેવનો મહિમા મળી ન આવે. એમનું 'મહાદેવ' નામ પણ 'અથર્વવેદ' (૧૫–૧–૪) માં મળી આવે છે.

જે વિદ્વાનોએ શિવજીના સ્વરૂપનો ક્રમિક વિકાસનો અભ્યાસ કર્યો છે તેઓ બતાવે છે કે આ દેશમાં વસતા લગભગ તમામ સ્તરોના માનવ સમુદાયોનો શિવના વર્તમાન સ્વરૂપને ઘડવામાં ફાળો રહ્યો છે. આ રૂપમાં આર્યો, દ્રાવીડો, કિરાતો અને શબર–નિષાદોની આસ્થા શામેલ છે. આ દેશના મહાનથી મહાન તત્ત્વવેત્તાએ શિવંના સ્વરૂપને તાત્ત્વિક માન્ય-તાના સર્વોચ્ચ શિખર પર પ્રતિષ્ઠિત કર્યું છે. અને નીચલા વર્ગના સાધારણથી સાધારણ સ્રીપુરુષે એને ભાવનાના અગાધ સમુદ્રમાં સ્નાન કરાવ્યું છે. શિવને કોઇ ન કોઈ રૂપે દેશની માટીના કણેકણ સાથે જોડાયેલા બતાવાયા છે. હિમાલયથી લઈને મહારાવિ અને રત્નાકર–બંગાલની ખાડીથી અરબી સમુદ્ર સુધી સર્વત્ર તેઓ વ્યાપ્ત છે. ભારતવર્ષની અત્યારની સીમાઓની પેલેપાર સુધી તેમનો પ્રભાવ વિસ્તર્યો છે. તમામ શ્રેણીનાં લોકો તેમને માને છે. ત્યાં સુધી કે મુસલમાન લોકો-માં પણ શૈવ યોગીઓ મળી આવે છે. સન ઇ.સ.૧૯૨૧માં વસતી–ગણતરી વેળા એકલા પંજાબમાં જ ૩૧૫૮ નાથપંથી મુસલમાન યોગી હતા. ક્રિપ્સે લખ્યું છે કે (પૃ. ૪–૬) (ઇ.સ. ૧૮૧૧માં પંજાબમાં નાથયોગીઓની સંખ્યા ૩૮૧૩૭ હતી. ગોરખનાથી યોગીઓમાં કેટલાયે સિધ્ધ મુસલમાન નામધારી છે. શિવની પૂજા ઉત્તરમાં હિમાલયની પર્વતમાળાથી શરૂ કરી-ને દક્ષિણમાં કન્યાકુમારી સુધી અબાધિત ચાલતી આવી છે. દેશ અને કાળમાં આટલી વ્યાપકતા ભાગ્યેજ મળશે. શિવ

સાચા અર્થમાં રાષ્ટ્રીય દેવ છે. એમનામાં સમગ્ર ભારતનો વિશ્વાસ મૂર્તિમાન થયો છે. તત્ત્વજ્ઞાન, કાવ્ય, નાટક, નૃત્ય, મૂર્તિ, ચિત્ર, વાસ્તુ, સંગીત–ભારતવર્ષની જે કંઇ શ્રેષ્ઠ દેન છે, એના ઉપર મહાદેવનો પ્રભાવ છે. શિવનું નામ આવે ત્યારે જે કંઇ મહાન છે, જે કંઈ ઉદ્દાત્ત છે, જે કંઈ તેજસ્વી છે, જે કંઈ જવલંત છે, જે મહિમાન્વિત છે, એ બધી વસ્તુઓ આપણી નજર સામે આવે છે. આ નામની પાછળ ભારતીય જનતાની જીવંત ચેતના પરિક્રમા કરી રહી છે.

શિવપૂજાની જે વિધિ આજકાલ ચાલુ છે તેમાં પંડિતોએ અત્યંત પ્રાચીન આદિમાનવની આસ્થાઓ શોધી કાઢી છે. સાથોસાથ ભારતીય ચિંતનની સર્વોત્તમ દેન અદ્વૈતવાદ પણ શિવને કેન્દ્રમાં રાખી વિકસ્યો હતો, એવું બતાવાય છે. યોગ શાસ્ત્ર અને યોગસાધનાનો આરંભ શૈવમતમાં અભિન્નરૂપે ભળેલાં છે. એક તરફ તાંડવ, લાસ્ય, કામશાસ્ત્ર અને મન્ત્ર–તન્ત્રનો આરંભ શિવ, પાર્વતી, નંદી અને હિમાલયથી થયો હોવાનું કહેવાય છે અને લૌકિક મનોરંજન, ઐહિક સુખ અને સામયિક સિદ્ધિઓથી એમનો સંબંધ જોડવામાં આવે છે; તો બીજીબાજુ વૈરાગ્ય, ભક્તિ, આધ્યાત્મ, કૈવલ્ય વિગેરે લોકોત્તર સુખોના પણ તે આશુતોષ ઉદાર દાતા માનવામાં આવ્યા છે. મનુષ્યની વિવિધ આકાંક્ષાઓની પૂર્તિનું આવું કેન્દ્ર જગતમાં બીજું મળવું કઠણ છે.

અને શિવનો આદર્શ શું છે? બીજા-ભોળાનાથ! પોતે વિષ પીને બીજાઓને અમૃત પીવાની તક આપે છે, ભૂત–પ્રેત પિશાચોથી પોતે ઘેરાયેલા રહે છે જ્યારે ભકતોને દેવ બનાવી દે છે, પોતે દિગંબર રહી ભક્તોને દિવ્યાંબરધારી બનાવે છે. એ વિશ્વમૂર્તિ છે, એમનો વેશ અશિવ-અભદ્ર-છે પણ પોતે શિવ–કલ્યાણકારી છે.



કાલિદાસે કહ્યું છેઃ–

विभूसणोद्भासि पिनद्धोगि बा, गजाजिनालंबि दुकूलधारि वा ।
कपालि वा स्यादथवेन्दुशेखरं, न विश्वमूर्तेरवधार्यते वपुः ॥

જગત જ્યારે રાક્ષસોના ત્રાસથી ત્રાહિમામ પોકારતું હતું ત્યારે તેમણે ત્રિપુરાસુરનો સંહાર કર્યો, પરંતુ જ્યારે આનંદ અને ઉલ્લાસમાં આવી એમણે તાંડવ નૃત્ય કર્યું તો ત્રણે લોક કાંપી ઊઠ્યાં. એમના એ વિરાટ ઉદ્દામ તાંડવનો પ્રચાર એમના તંડું મુનિ નામના શિષ્યે કર્યો. આવા ઉન્મત્ત શિવ-ને પ્રસન્ન કરવા પાર્વતીએ જે સુકુમાર નૃત્ય કર્યું તે જ લાસ્ય નૃત્ય છે. આ આનંદથી ઉદ્દીપ્ત થયેલા શિવે નૃત્ય પૂરું કરી ડમરુ વગાડતાં એમાંથી જે ૧૪ સ્વર નીકળ્યા તેજ વ્યાકરણ શાસ્ત્રનાં મૂળ ૧૪ સૂત્ર છે. ભારત આજે જેમના ઉપર ગર્વ કરે છે એવા ઘણાખરા દેવ મહાદેવ સાથે સંબંધિત છે આધુનિક પંડિતોનું કહેવું છે કે આર્ય દેવ પંચાયતમાં શિવ ઘણા મોડા દાખલ થયા. દક્ષયજ્ઞમાં એમને યજ્ઞભાગ અપાયો ન હતો, એટલે એ યજ્ઞનો નાશ થયો. સતી એ સમયે બળી મરી હતી. એમ કહેવાય છે કે આ પ્રસંગ શિવના આર્ય-દેવ–પંચાયતમાં દાખલ થવાના પ્રારંભિક ઇતિહાસરૂપ છે.

જે પણ હોય, શિવે સતીના શબને લઇ તાંડવ નૃત્ય કર્યું. એના પરિણામે આ દેશનો એકે એક ભાગ એકત્રિત થઈ ગયો, એમ પુરાણો જણાવે છે. એ શબના ટુકડા દેશ-ભરમાં સર્વત્ર પડ્યા. એના ઉપર ૮૪ શક્તિપીઠો રચાઈ. આ પીઠ કે સાધના-કેન્દ્ર આસામથી સિંધ સુધી અને કાશ્મીરથી કન્યાકુમારી સુધી ફેલાએલાં છે. ભારતની ધાર્મિક અને આધ્યાત્મિક એકતાની જાળવણીમાં એમનો ફાળો ઘણો મહત્વપૂર્ણ છે.

મહાદેવનો મહિમા અપરંપાર છે. આખોયે દેશ એમના નામ સાથે સંપૂર્ણ આસ્થાથી જોડાયેલો છે. શિવ શબ્દ સાથે આપણા દેશનો ઇતિહાસ સતત જોડાયેલો રહેલો છે. મહાદેવ દરેક રીતે જોતાં આપણી રાષ્ટ્રીય એકતાના પ્રતીક છે.

શિવનો પરિવાર પણ ઘણો મહત્વનો છે. કૈલાસમાં એમનો વાસ છે અને પાર્વતી અને ગંગા એમની પ્રિયાઓ છે. દેવોના સેનાપતિ સ્કન્દ (કાર્તિકેય) અને સર્વમંગળના અધિષ્ઠાતા ગજાનન ગણેશ એમના પુત્ર છે, પર્વતરાજ હિમાલય એમના સસરા છે. આ બધાએ આપણા દેશ ઉપર ઘણો બધો ભાવ નાંખ્યો છે. શિવના પરિવારની પૂજા પ્રત્યેક મંગળ કાર્યના અવસરે થાય છે. ભારતવર્ષના ગામેગામ શિવના એક કે વધું મન્દિર મળી આવે છે. મહાવીર હનુમાન પણ શિવના જ અવતાર મનાય છે. તુલસીદાસજીએ હનુમાનજીની સ્તુતિ કરતાં કહ્યું છે કે 'जयति रणवीर रघुवीर हित देशमणि, रुद्र अवतार संसारपते ।' આમ આજે ભારતમાં વિવિધરૂપે શિવનું સ્મરણ થાય છે. રામાયણ, મહાભારત અને પુરાણ એમના મહિમાથી ભરેલાં છે. આગમોના તો એ મૂળ જ છે. આપણા કાવ્ય, કથા, આખ્યાયિકા, નાટક અને દંતકથાઓનું સાહિત્ય શિવની કથાઓથી ભરેલું છે. સમસ્ત દેશને એકતાના સૂત્રમાં બાંધનાર આ વિષપીને ઉદાર હાથે દાન દેનાર દેવે કેટલું બધું કર્યું છે કે એનો હિસાબ નથી. (હિન્દી માસિક 'મુમુક્ષુ'માંથી સાભાર)



# પ્રકાશના પંથે

સંક્ષેપઃ શ્રી ઈશ્વરભાઇ ભક્ત

હિમાલયમાં સીમલા હિલ્સમાં ચેલનગરથી ચાર માઇલ દૂર એક ગામ હતું ત્યાં એક ગૃહસ્થી મહાત્માપુરુષ રહેતા. લોકો તેમને ભગત કહીને ઓળખતા. માતા આનંદમયીનો પ્રસંગ પૂરો થયા પછી અમે તેમના દર્શને જવા નિર્ણય કર્યો. તે નિર્ણયનું મુખ્ય કારણ પેલા ક્ષયરોગથી પીડાતા સિંધી શેઠનો આગ્રહ હતું. તેમનો રસોઇયો તે તરફના પાર્વતીય પ્રદેશનો પરિચિત હતો તેથી તેને અમે સાથે લીધો.

ધરમપુર સ્ટેશન પર અમે પહોંચ્યા ત્યારે પ્લેટફોર્મ પર એક ભગવા વસ્ત્રધારી સાધુપુરુષ આંટા મારતા હતા. તેમની બધી ચેષ્ટા કોઇ ગાંડા માણસ જેવી હતી. રસોઇયાને પૂછતાં તેણે તરત કહેવા માંડયું, "એ સાધુ નથી પણ છૂપી પોલીસનો માણસ છે."

એટલી વારમાં ગાડી આવી. અંદર દાખલ થવાનું કામ કપરું હતું. જેમ તેમ કરીને રસોઇયાની મદદથી મે અંદર જગા મેળવી લીધી. તેજ વખતે પેલા ગાંડા જેવા દેખાતા સાધુ પુરુષ ડબાની બારી પાસે આવી પહોંચ્યા. હાથમાંથી સિગારેટ નાંખી દઇને, મોં સાફ કરીને, તેમણે ઓળખતા હોય તેમ સસ્મિત પૂછ્યું, "કેમ, ચેલના મહાત્મા પાસે જાવ છોને? મને ખબર છે. પણ ત્યાં કાંઈ જ નથી, બાબા! તમારા પોતાના પર આધાર રાખો. બીજે બધે પણ કાંઈ જ નથી. તમને તમારી અંદરથી જ બધું મળી જશે—શાંતિ, સિદ્ધિ જે માંગશો તે બધું જ. હિમાલયના તમારા પોતાના જ સ્થાન પ્રત્યે પ્રયાણ કરો."

એ સાધુ પુરુષના પ્રસંગે ને શબ્દે મને ભારે અસર કરી. મને લાગ્યું કે ચેલના મહાત્મા ગમે તેવા હશે, તેમને તો હજી જોવાના જ છે, પણ જે સાધુએ આ શબ્દો કહ્યા છે તે કાંઈ કાચી માટીનો માણસ કે સાધારણ સાધુ નથી. તે પણ ખરેખર મહાન ને અનુભવી છે. તેના વિના આવી મહત્ત્વની, મહાન, માર્ગદર્શક, મંગળવાણી તેના મુખમાંથી નીકળી શકે નહિ. પોતાના પુરુષાર્થ કે આત્મબળ પર શ્રદ્ધા રાખીને આત્મા કે પરમાત્માના અવાજને અનુસરીને આગળ વધવું પડશે. પરાવલંબન સાધકને માટે શોભા નહિ પણ એબ છે, ભૂષણ નહિ પણ દૂષણ ને સદ્ગુણ નહિ પણ દુર્ગુણ છે.

થોડી વારમાં કંડાધાર આવ્યું. કંડાધારથી ચેલ મોટર જતી. પણ મોટર ઊપડી ગઈ હતી. એટલે અમારે તો પગરસ્તે જ જવું પડયું. હિંમત ને ઉત્સાહમાં પચીસેક માઇલ કાપી નાખીને અમે ભગતજીની પાસે પહોંચી ગયા.

ભગતજીની મૂર્તિ અતિશય આકર્ષક પણ પ્રથમ દેખાવે સાત્ત્વિક ઓછી લાગી. લાંબાવાળ, ગોરી ને સુંદર મુખાકૃતિ, રેશમી વસ્ત્રો ને શાંતિમય આંખ તેમની વિશેષતા હતી. ફૂલની કુંજ જેવા આસનમાં મકાનની બહાર બેસીને આવનારાને આશીર્વાદ આપતાં.

એકેક માણસ વારા ફરતી જાય છે ને ભગતજી આશીર્વાદ આપે છે. કોઈને કહે છે : મહાત્માકા ભજન કરો, ભગવાનકા ભજન કરો, ઇચ્છા પુરી હોગી. " બીજાને કહે છે : " મહાત્મા કા સુમિરન કરો, ભગવાન કા ભજન કરો, રોગ દૂર હોગા. " બસ એ બે જ ઇચ્છાઓને લઈને લોકો અહીં આવે છે, ને આ બેજ જાતના આશીર્વાદ બેજ જાતના વચન તેઓ આપે છે : સંતાન પ્રાપ્તિ કે રોગનિવારણ !



કહે છે કે આ ગામમાં આવેલા કોઈ મહાપુરુષની ભગતજીએ તનમનથી દિવસો સુધી ખૂબ જ સેવા કરી હતી. તે મહાપુરુષે વિદાય થતી વખતે ભગતજીને આશીર્વાદ આપ્યા હતા. તેથી તેમને બીજાના મનની વાત જાણવાની ને વચન સિદ્ધિની શક્તિ મળી હતી. તેનાથી તે બીજાને મદદરૂપ થઈ રહ્યા છે.

માણસો વારાફરતી વિદાય થયા ને છેવટે મારી સાથેના રસોઈયાનો વારો આવ્યો. ભગવતજીએ તેને શા માટે આવ્યો છે તે પૂછયું. પણ રસોઇયાએ જુદી જ પદ્ધતિનો પ્રયોગ કર્યો. " તમે તો અંતર્યામી છો, બધું જ જાણો છો " એમ કહીને તે બેસી ગયો.

ભગતજી તરત જ બોલી ઉઠયા : " તમારા શેઠ બિમાર છે, ખરુંને ? ભગવાનનું ભજન કરો, મહાત્માનું ભજન કરો. બિમારી દૂર થઈ જશે. પણ જરા વાર લાગશે."

ભગતજીની શક્તિની ખાતરી કરવા આ નાનો સરખો પ્રસંગ પૂરતો હતો. શેઠની બિમારીની વાત તે પોતાની મેળે જ જાણી ગયા. હું એમની બાજુમાં જ બેઠેલો. મને કહે, " તમારે શું જોઇએ છે ? " મને થયું કે પ્રસંગ આવ્યો છે તો ચાલોને તેમનો લાભ લઈએ. મે કહ્યું, " મને દીક્ષા મળી છે પણ તેનું ધારેલુ પરિણામ દેખાતું નથી. "

" દેખાશે અવશ્ય દેખાશે. " તે બોલી ઉઠયા, બધી જ ચિંતા ટળી જશે. આનંદ આનંદ થઈ રહેશે. "

લગભગ અરધા કલાક પછી અમે વિદાય થયા.

તે મહાપુરુષની વચન સિદ્ધિથી કે મારી પોતાની અંતરંગ સાધનાના પ્રભાવથી, ગમે તેમ પણ, બીજે દિવસે હું ચંપકભાઈ પાસે બેઠો હતો ત્યારે સાંજના ચારેક વાગે મારા ડાબા કાનમાં જોરથી ઘંટનાદ શરૂ થયો. અને આનંદ થયો. દીક્ષાના

પરિણામ રૂપે તેવા નાદ સંભળાઈ શકે છે. શરૂઆતમાં ડાબા ને પછી જમણા કાનમાં શરૂ થયેલો તે નાદ પછી તો ચાલુ જ રહ્યો ચોવીસ કલાક ચાલુ રહ્યો. તેની મદદથી સમાધિ-પ્રવેશ સહેલો થયો.

આ અરસામાં એક અનેરો દર્શાનુભવ થયો.

તે દિવસ ૧૭ જુન ૧૯૪૬નો હતો. સવારે હું ધ્યાનમાં બેઠેલો ત્યારે અચાનક જ દેહભાન જતું રહ્યું. એ અવસ્થામાં હનુમાનજી પ્રગટ થયા ને હાથ જોડીને ઊભા રહ્યા. તેમની દૃષ્ટિ મારા તરફ સ્થિર હતી. મુખમંડલ ને શરીર ખૂબ જ તેજસ્વી ને લાલ હતું. ચિત્રો ને મૂર્તિઓમાં જોવામાં આવે છે તેવું તેમનું મુખ હતું. આ દર્શન થવાથી મને ખૂબ જ આનંદ થયો. અને હનુમાનજી પ્રત્યે પૂજ્યભાવ હતો ને છે. તેમની કૃપા વિના તેમનું દર્શન એક ક્ષણ માટે પણ કોને થઈ શકે ?

એ જ દિવસોમાં એક બીજો વિચિત્ર અનુભવ થયો. એકવાર આવી જ દેહાતીત અવસ્થામાં મારું પોતાનું જ સ્વરૂપ મને દેખાયું. તે વખતે મારે દાઢી હતી. પરંતુ આ દર્શનમાં દાઢી ન હતી. મુખ ને શરીર ખૂબ તેજોમય ને ગૌર હતાં. આ અનુભવથી મને અજબ ભાવ થઇ આવ્યો. લગભગ બે ત્રણ વાર આવું દર્શન થયું છે. મને લાગે છે કે સિદ્ધપુરુષો સૂક્ષ્મ શરીરે આવા તેજોમય સ્વરૂપમાં રહેતા હશે.

ધરમપુરના નિવાસ દરમ્યાન સાધના સુંદર રીતે ચાલ્યા કરતી. એક દિવસ દેહરાદુનના પ્રેમી ને યોગી શ્રી ભૈરવ જોષી પેલા સિંધી શેઠના આમંત્રણથી ધરમપુર આવ્યા. થોડા વખત પછી જોશીજી સાથે હું સીમલા જવા ઉપડ્યો. ધરમ-પુરથી મોટર રસ્તે ખૂબ જ લાંબો પ્રવાસ કરીને સીમલા પહોંચીને અમે કથ્થુ ગયા. કથ્થુ સીમલાનો એકાંત જેવો



સુંદર ભાગ હતો. ત્યાં જોશીજીના સંબંધી રહેતા. તેમને ત્યાં ઉતરીને પહેલું કામ અમે લાંબા પ્રવાસના પરિશ્રમને ઉતારવાનું કર્યું.

જોશી તો કોઈના હાથનું જમતા નહિ. તેમણે અમારે માટે રસોઇ બનાવી લીધી. અમે જમ્યા. જમી રહ્યા પછી તેમણે મારી સાથે વિવિધ વાતો કરવા માંડી. એટલામાં અમારી નજર દ્વાર પર પડી બપોરનો વખત હતો. જોયું તો એક પ્રચંડકાય તેજસ્વી પુરુષ ઊભા છે. રંગીન અર્ધી બાંયનું ખમીસ ને ધોતિયું, પગમાં ચંપલ ને હાથમાં લાકડી —માથું ને મોઢું વાળ વિનાનું, સુંદર ના કહેવાય એવી નાની પણ તેજસ્વી આંખ ને ખભે શાલવાળા એ પુરુષને અમે કે ઘરનાં કોઈ ઓળખી શક્યાં નહિ.

એ બહારથી સાધારણ જેવા દેખાતા પુરુષ એક સિદ્ધ-પુરુષ હતા. નેપાલી બાબાને નામે તેઓ વિખ્યાત હતા.

નેપાલીબાબા કહેવા માંડ્યાઃ "સીમલામાં કેટલાય સંત-સાધુ આવે છે પણ હું કોઈને મળતો નથી. આ પહેલો જ પ્રસંગ છે કે હું મળવા આવ્યો છું" થોડીવાર પછી તેમણે જ શરૂ કર્યું, "રાતે મને લામાગુરુએ આવીને કહ્યું કે અહીં બે સંત પુરુષો આવ્યા છે. તેમાં જે નાની ઉંમરના છે તેમને તારે ખાસ મળવા જેવું છે ને તેમણે મને આ ઠેકાણું કહ્યું. એટલે અત્યારે હું તમને મળવા આવ્યો છું."

જોશીજીએ પૂછ્યું, "તમારા લામાગુરુ ક્યાં છે ?"

"મારા ગુરુ ચીનમાં રહે છે" તેમણે કહ્યુંઃ "પરંતુ તેમની શક્તિ અપાર છે. એક સ્થળે રહેવા છતાં તે કાળ કે સ્થળના બંધનમાં નથી. બધાં જ બંધનથી પર છે. મને તે લગભગ રોજ દર્શન આપે છે, ને મારી સાથે વાર્તાલાપ પણ કરે છે."

સિદ્ધ યોગીને માટે એમ કરવું અશકય નથી એ અમે જાણતા હતા. સૂક્ષ્મ શરીરદ્વારા તે ગમે ત્યાં જઈ શકે છે ને સ્થૂળ શરીરદ્વારા મહાન આશ્ચર્યજનક કાર્યો કરી શકે છે. એ બધી વાતમાં અમારો વિશ્વાસ હતો.

તે દિવસે મોડી રાત સુધી નેપાલીબાબા બેઠા. તે દરમ્યાન તેમણે ઘણી ઘણી વાતો કરી. તે પછી પણ અમે સીમલા રહ્યા ત્યાં સુધી તે રોજ કૃપા કરીને આવવા માંડ્યા. તેમની સાથે એક વીસેક વર્ષની નેપાલી છોકરી પણ રહેતી હતી. નેપાલીબાબા કહેતા કે "તે પણ ઉચ્ચ દશાએ પહોંચેલી છે. તેને સમાધિ સાંપડી છે ને બીજી કેટલીક શક્તિઓ પ્રાપ્ત થઈ છે. મારી પાસે રહીને તે જડીબુટ્ટી વિષે તેમજ યોગ સાધના શીખે છે."

નેપાલી બાબા જડીબુટ્ટીના પ્રખર જ્ઞાતા હતા. દુનિયામાં કયે સ્થળે કેટલી જાતની બુટ્ટી થાય છે ને તેનો લાભ શો છે તેનું તેમને અગાધ જ્ઞાન હતું. તેમની કેટલીક વાતો અજબ હતી. એક દિવસ તેમણે કહ્યું : "હું વારંવાર તિબેટ, ચીન, નેપાલ જાઉં છું. ઈચ્છા થાય ત્યારે જાઉં છું ને ઈચ્છા થાય ત્યારે અહીં આવું છું. ભૂતાનના પર્વતોમાં સત્યયુગ ત્રેતાયુગ ને દ્વાપરયુગના મહાત્માઓ પણ છે મેં એવા ઘણા યોગીપુરુષોને જોયા છે. મહાન, ભક્ત, જ્ઞાની ને યોગી કાગભુશંડજીનાં દર્શન પણ થયાં હતાં."

(ક્રમશઃ)



# શિબિરમાં પૂ. મા

—નારાયણ હ. જાની

કાયાવરોહ શિબિરની ખાસ ઉલ્લેખનીય સિદ્ધિ એ હતી કે પ. પૂ. માશ્રી સર્વેશ્વરીનું સાન્નિધ્ય ખૂબ વિશેષ પ્રમાણમાં સાધકોને માણવા મળ્યું.

તેઓ સવારની બેઠકથી જ સાધકો સમક્ષ ઉપસ્થિત થઈ જતાં. બપોરના વિરામના સમયે સાધકો ભોજન માટે કે અન્ય કામ માટે ઊઠે, ત્યારે પૂ. મા તો શિબિરની કોઈ ને કોઈ પ્રવૃત્તિ અંગે સાધકોને સૂચના આપતાં હોય. વળી તેઓ જમવા બેસે ત્યારે પ્રસાદની વહેંચણી પોતાના સ્વહસ્તે કરે. તે પછી તેઓના લેખનનું કે જપનું કામ ચાલતું રહે. ત્યાં સમય થતાં, સાંજની બેઠકમાં હાજર થઈ જાય. સવારથી પાણી પણ ન પીએ. શિબિરના હૉલમાં ખૂબ ગરમી લાગે. છતાં પૂ. માની તિતિક્ષા અતિ અદ્ભુત લાગે. તેઓ સ્વસ્થપણે કાર્યક્રમનું સંચાલન સમયબદ્ધ રીતે કરતાં રહે.

રાત્રિના ભોજન પછી પાછું સંકીર્તન તેમાં પૂ. મા ખીલી ઊઠે. એમના માતૃવાત્સલ્યનો અનુભવ સહુને તે સમયે થાય. તેઓ સુંદર બુલંદ કંઠે ધૂન ગવરાવે, કે ભજન ગાય, ત્યારે લાગે નહિ કે એમણે સવારનું પાણીય પીધું નથી! કાર્યક્રમના વિરામના સમયે કે પૂરો થતી વખતે પૂ. મા બધાજ સાધકોની વ્યક્તિગત ખબર અંતર પૂછે. તેમાં જો કોઈ નવા ચહેરા દેખાય તો તુરતજ તેઓને મળી, પ્રોત્સાહિત કરે. આશ્ચર્યની વાત તો એ લાગે છે કે આટલા બધા ઉપવાસો છતાં પૂ. માની સ્મૃતિ કે યાદદાસ્ત સહેજપણ કુંઠિત બની નથી. એ એવી ને એવી પૂર્વવત્ રહી છે, એમ નહિ પણ વધી લાગે છે.

પૂ. માને નિદ્રાનો જય થઈ ગયો લાગે. તેઓ મોડી રાત સુધી સાધકો સાથે બેસે ને સંકીર્તનના કાર્યક્રમમાં જોડાય. પછી પોતાના નિયમ પ્રમાણેના ખૂબ મોટી સંખ્યાના જપ કરે, ધ્યાન કરે–ત્યાં તો રાત પૂરી થઈ જાય ! પછી લાંબા થવાનો સમય જ કયાં રહે !

આટલા ઉપવાસોમાં પણ પૂ. મા પોતાનું રોજિંદુ કામ પોતાના હાથે જ કરે છે. કપડાં ધોવાં, પોતાના રૂમની સફાઈ વગેરે જાતે જ કરે. કદી કોઈ સાધક સેવા માટે વિનંતી કરે, તો પૂ. મા કદીક કૃપા કરવા ખાતર કાંઇક સેવા આપે.

પૂ. માની તપસ્યા એટલી બધી ઉગ્ર બની છે, કે એમના સમસ્ત દેહનાં પરમાણુઓનું દૈવી તત્ત્વમાં જાણે કે રૂપાંતર થઈ ગયું છે ! એમની આસપાસનું વાયુમંડળ કે પરમાણુઓ એક પ્રકારની સાત્ત્વિકતાથી સભર બનીને એમના સંસર્ગમાં આવતા માનવોને નવી ચેતના પ્રેરનારું બની રહે છે. એની પ્રતીતિ તો સ્વાનુભવથી જ થાય. એટલેજ પૂ. મા પોતાનું સાન્નિધ્ય પોતે કષ્ટ વેઠીને પણ સાધકોને વધારે પ્રમાણમાં આપતાં રહે છે. રાત્રિના સાડાત્રણ સુધી સાધકો સાથે બેસવાથી, કોઈકે કહ્યું હે મા, હવે તો બહુ મોડું થયું, આપ આરામ કરો.'' તો સ્મિત કરતાં કહે : કાલે કોઈ બેસવા કહેવાનું નથી, સમજ્યાં ? કેવો અદ્ભુત ભાવ ! ટૂંક સમયમાં, સાધકોને વધારેમાં વધારે સાત્ત્વિક્તા ને ઈશ્વરપરાયણતાનો લાભ મળે, સંસાર ભૂલાય ને સત્સંગ થાય એ જ એમનો પ્રધાન હેતુ, જેથી શિબિરમાં આવ્યું સફળ થાય. મન ઉપરનો માયા ને આસક્તિનો મેલ ઉતરે અને ત્યાગ, સેવા, સત્સંગ ને પ્રભુસ્મરણનો આસ્વાદ સાધકો માણે અને અહીંથી ગયા પછી દૈનિક જીવનમાં એને વાગોળે, –આચરણમાં મૂકે, ને જીવન સફળ કરે.



ત્રણ દિવસની એ શિબિર ત્રણસો દિવસનું ભાથું આપતી જાય–એવું અદ્ભુત પૂ. માનું વ્યક્તિત્વ ને એવો વ્યવહાર.

પૂ. માના જીવનની વિશેષતા એ જ લાગે કે પ. પૂ. મહાત્માજી એમના અણુ અણુમાં વ્યાપી ના ગયા હોય ! એમનાં મન, વાણી ને કર્મ–સર્વપ્રકારે પૂ. ગુરુદેવમાં જ વર્તતાં હોય એની પ્રતીતિ એમના સમગ્ર વ્યવહારમાં જણાઈ આવે.

પૂ. શ્રી જ પૂ. માના દેહ દ્વારા આ બધી એમને પ્રિય પ્રવૃત્તિ કરી રહ્યા છે એવો પૂ. માનો દૃઢ વિશ્વાસ આ શિબિરમાં સારી રીતે વ્યક્ત થયો.

પૂ. માની ગુરુમાંની જીવંત શ્રદ્ધા-સાધકોને પણ લાધે, તે માટે તેઓ પોતાના ઉપવાસોની વાતો સાધકોને કહેતાં. પ્રભુને પ્રાર્થીએ કે સહુ સાધકોને પૂ. મા જેવાં શ્રદ્ધા, ભક્તિ ને સમર્પણ પ્રાપ્ત થાય. એ માટેના આશીર્વાદ સહુ ઉપર ઉતરે.

જ્યારે તમે કોઇ મોટી મુશ્કેલીમાં સપડાવ અને બધું તમારી વિરૂદ્ધ જ જતું લાગે–અરે, એટલે સુધી કે હવે એક મિનિટ પણ વધુ ટકી રહેવું અશકય જણાય–ત્યારે તો ખાસ વળગી રહેજો; કારણ એ જ સ્થળે અને એ જ ક્ષણે કદાચ તમારા દુર્ભાગ્યની ઓટ શરૂ થવા લાગશે.

—હેરિયટ વીચર સ્ટો

# રામકથા

(ગતાંકથી ચાલુ)

—યોગેશ્વરજી

[શ્રીયોગેશ્વરજીની સિદ્ધકલમે આલેખાયેલ રામકથા]

ઊર્મિલાનું અંતર પોતાના લગ્નના નવા સમાચાર સાંભળીને થનગની રહ્યું.

સીતાનું હૈયું પણ હરખઘેલું બની ગયું. બંને બેનોનો સાથ અતૂટ રહેશે એ વિચારથી બંને આનંદી ઉઠી.

સીતાએ કહ્યું : ' મારું લગ્ન તો સ્વયંવરને પરિણામે થશે. પરંતુ તારે સ્વયંવરની જરુર ના પડી તું એટલી વિશેષ ભાગ્યશાળી.'

' આપણે ચારે બેનો ભાગ્યશાળી જ છીએ ને ? ઊર્મિલાએ ઉદ્દગાર કાઢ્યા : બાકી મારું લગ્ન સ્વયંવરને પરિણામે નથી થવાનું એમ કહી શકાય ? તારો સ્વયંવર બહારનો હતો અને મારો અંદરનો અને સાચુ કહીએ તો એવું પણ ના કહી શકાય કારણ કે તારો સ્વયંવર પણ કાંઇ એકલો બહારનો ન હતો. બહારની સાથે સાથે એ અંદર પણ ચાલી રહ્યો હતો.

ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં ચારે ભાઇઓના લગ્નનું મંગલ કાર્ય પૂરું કરવામાં આવ્યું.

રામનું સીતા સાથે, લક્ષ્મણનું ઊર્મિલા સાથે, ભરતનું માંડવી સાથે ને શત્રુઘ્નનું શ્રુતકીર્તિ સાથે વિધિપૂર્વક થયેલું લગ્ન મિથિલા અને અયોધ્યાપુરીની પ્રજાને સાંધનારા સેતુરૂપ હતું.

મિથિલાની સઘળી પ્રજાએ એ અવસર પર અસાધારણ ઉત્સવ કર્યો.

રાજા દશરથ તથા જનકના જીવન ધન્ય બન્યાં.

પુરોહિત શતાનંદે સ્વસ્તિ વચન ઉચ્ચાર્યાં.



મહર્ષિ વિશ્વામિત્રે ને વસિષ્ઠે નવપરિણીત દંપતીને અંતરના આશીર્વાદ આપીને કૃતાર્થ કર્યાં.

એ અવસર પર જે અનુપમ ઐશ્વર્યનું પ્રદર્શન કરવામાં આવ્યું અને જે દાન થયું તે અવર્ણનીય હતું.

દેવતાઓ અને સ્વયં કુબેર પણ એને વિલોકીને વિસ્મયમાં પડે તેમ હતું.

બંને પક્ષો એકમેકનો પ્રેમ જોઇને પરિતૃપ્ત થયા.

એમનો પારસ્પરિક પ્રેમ વધી ગયો. ને પ્રબળ બન્યો.

## મિથિલાની વિદાય

લગ્નના એ અલૌકિક અવસરે સૌને આનંદ આપ્યો. સૌને થયું કે જે સર્વોત્તમ હતું એ જ થઈ ગયું. આનાથી અધિક ઉત્તમ બીજું કાંઈયે ના થાત. આનાથી ઉલટું થયું હોત તોજ અમંગલ અને સુખહારક થઈ પડત. લગ્નના એ આનંદદાયક અવસર નિમિત્તે મિથિલા નગરીમાં દિવસો સુધી ઉત્સવ છવાઇ રહ્યો. આખાય નગરમાં જાણે કે અમરાપુરીનું વાતાવરણ થયું. જનકનો આગ્રહ અને પ્રેમ અગાઢ હતો. રાજા દશરથ પોતાના પ્રસ્થાનની વાત કરતા તો જનક એને લક્ષમાં ના લેતા ને એક યા બીજું બહાનું કાઢીને ટાળતા રહેતા. અને જનકના અતિશય આગ્રહ આગળ દશરથ નમી પડતા તથા પોતાનો રહેવાનો વખત લંબાવતા જતા. એમ કરતાં કરતાં પખવાડિયું પૂરું થયું.

મિથિલા નગરીમાં સૌ કોઈના આનંદની અવધિ ન હતી. સૌને કોઇને કોઈ દુર્લભ પદાર્થની પ્રાપ્તિ થઇ હોય એવું લાગ્યા કરતું. લોકો પ્રસંગ પડતા જુદે જુદે ઠેકાણે ટોળે વળીને ઉલ્લાસપૂર્વક એની એજ વાતો કરતા. પરંતુ એક યુવક એવો હતો જેના અંતરમાં બિલકુલ આનંદ ન હતો. એ ખૂબજ ઉદાસ રહેતો,

એના દિલમાં ડંખ હતો, વેદના હતી, અને અસંતોષની જ્વાળા સળગતી'તી. લગ્નનો વીતેલો પ્રસંગ એને જરા પણ પસંદ ન હતો. એ હતો નિષ્કામ. એક દિવસ સાંજે મનોબળને મજબૂત કરીને તથા હિંમત એકઠી કરીને એ ઊર્મિલાની પાસે આવી પહોંચ્યો ને બોલ્યો : 'તારા લગ્નને માટે તને અભિનંદન આપું છું.' ઊર્મિલાને એના આગમનથી આશ્ચર્ય તો થયું જ. એનું આગમન એને ખાસ ગમ્યું પણ નહીં; છતાંપણ પોતાના મનોભાવને દબાવીને ઉપર ઉપરની પ્રસન્નતા બતાવતાં એ બોલી : 'મને સાચોસાચ અભિનંદન આપે છે ? અંતરથી ?'

'અંતરથી તો નહીં પરંતુ ઉપર ઉપરથી. એક પ્રથાને પાળવા ખાતર. શિષ્ટાચારને અનુસરીને. બાકી અંતરથી તો અભિનંદન કેવી રીતે આપી શકું ?'

'ઉપર ઉપરથી મન ના માનતું હોય તોપણ અભિનંદન આપવાનો શો અર્થ છે ?' 'અર્થ હોય કે ના હોય તોપણ મને થયું કે ચાલો, અભિનંદનને નામે મળી આવું.' ઊર્મિલા કાંઈ બોલી નહી ને શાંત રહી એટલે નિષ્કામે વાતને આગળ વધારવા પૂછ્યું : 'હવે તો તને શાંતિ છે ને ?'

'પહેલા પણ શાંતિ જ હતી. અશાંતિ હતી જ કયારે ?'

'છતાંપણ હવે તો વધારે શાંતિ ને વધારે આનંદનો અનુભવ થતો હશે. લક્ષ્મણ સાથે તારું લગ્ન થયું એટલે શાંતિ અથવા આનંદની કમી કયાંથી હોય ? લક્ષ્મણ સાથેના લગ્નને તો તેં વધાવી લીધું હશે. કારણકે એ તો રાજા દશરથનો પુત્ર છે. હું કાંઇ રાજપુત્ર છું ? હું તો પુરોહિત પુત્ર કહેવાઉં ખરું ને ?'

'જો નિષ્કામ, તું પુરોહિત પુત્ર છે કે રાજપુત્ર તેનું મહત્ત્વ જરા પણ નથી. હું તો માણસની લાયકાતનો જ વિચાર કરું છું ને લગ્નના સંબંધમાં તો મેં તને કહ્યું હતું જ કે જેને માટે મારું



મન ના માનતું હોય તેનો મારાથી વિચાર પણ ના કરી શકાય. મારા વિચારને મેં તને સાફ શબ્દોમાં જણાવી દીધા છે.'

'એ વિચારો જ તને એક દિવસ દુઃખી કરશે, તપાવશે, કે રડાવશે,

'કેમ ? એવુ અમંગલ કેમ બોલ્યો ? તું મને અભિનંદન આપવા આવ્યો છે તે ભૂલી ગયો ?' 'તને મારી વાણી અમંગલ લાગે છે, પરંતુ હું અમંગલ નથી બોલ્યો પણ સાચું બોલ્યો છું. તું રાજકુટુંબને જોઇને મોહાઈ છે. પરંતુ તને ખબર નથી કે રાજકુટુંબ તો ફક્ત બહારથી જોતાં જ આકર્ષક હોય છે. અંદર ખાનેથી તો તેમાં અવ્યવસ્થા, સ્પર્ધા અને અસૂયા તથા અશાંતિ વિના બીજુ કાંઈ જ નથી હોતું.

'તારો અનુભવ કદાચ એવો હશે, પણ મારો અનુભવ એથી ઉલટો છે.'

નિષ્કામ જરા ઉત્તેજીત થઈને બોલ્યો : તારો અનુભવ તો બધી જ બાબતોમાં ઉલટોજ રહેવાનો, મારી સાથે તું મળતી નહીં જવાની તેની મને ખબર છે. છતાં પણ રાજકુટુંબમાં રહીને તને મેં કહ્યું તેવો જ અનુભવ થવાનો. તું ધારતી હશે એટલો અને એવો આનંદ તને નહીં જ મળવાનો. તારો આજ સુધીનો અનુભવ ગમે તેવો હશે, પરંતુ હું પણ એક પવિત્ર પુરોહિત પુત્ર હોવાથી મારાં વચનો મિથ્યા નહીં જ જવાનાં.'

'અધૂરો રહેલો શાપ તું પૂરો કરી રહ્યો છે કે શું ?'

'તુ ભલે એમ સમજ, મારા શબ્દોને ગમે તે રીતે ઘટાવવાની તને છૂટ છે. મારા અંતરમાં તારા લગ્નના સમાચાર સાંભળ્યા છે, ત્યારથી દુઃખ છે, અવ્યવસ્થા છે, અને અશાંતિ છે. મને કયાંય ગમતું નથી, ને મારું મન કશામાં નથી લાગતું.'

ઊર્મિલા હસીને બોલી: 'તારી પોતાની પરિસ્થિતિ એવી છે. એટલે અયોધ્યાના રાજકુટુંબમાં પણ એવીજ અશાંતિ અને અવ્યવસ્થા હોવાની કલ્પના તેં કરી લીધી છે, પણ તારી એ કલ્પના નિરર્થક છે. અને તારા પોતાના જ અંતરનો પડઘો પાડે છે.' 'તારા એ શબ્દો સાથે સંમત થવાનુ અશક્ય છે.' 'છતાં પણ એ શબ્દો સાચા છે.'

'તને જેટલું સાચું લાગે છે. એટલું બધું સાચુ જ છે કે સાચું હોય એવું થોડું છે? પરંતુ એ વાતને જવા દે, મને એક બીજી વાતનું સ્મરણ થાય છે.'

ઊર્મિલા જરાક અટકી પડી એટલે નિષ્કામ કહેવા માંડ્યો: 'મારા અંતરની આજની અવસ્થા શું તારા પ્રેમની પ્રબળતાવિના થઈ છે? મને તારા પ્રત્યે અપાર પ્રેમ અને ઊંડી લાગણી છે. એ હકીકતનો સ્વીકાર તો તારે પણ કરવો પડશે,' 'છતાં પણ એ લાગણી કે પ્રેમનો પ્રવાહ યોગ્ય દિશામાં નથી રહ્યો પરંતુ ભળતી દિશામાં જઇ રહ્યો છે. એ પ્રેમ નથી પણ મોહ છે. એને લક્ષમાં લઈને જ મારે તને એક ભલામણ કરવાની છે કે તું હવે લગ્ન કરી લે. કોઈક સારી કન્યાને પસંદ કરી લે, તો તારું મન ઠીક થઈ જશે. મારી એક વખતની પસંદગી તો કામ ના લાગી! છતાં પણ……હવે તો મારું હ્રદય તૂટી ગયું છે. નિરાશ બન્યું છે.'

'એ તો લાગણી જ્યારે વિવેક વગરની હોય ત્યારે એ સંતોષાય નહીં ત્યારે આરંભમાં એવું જ લાગે છે. પરંતુ પછીથી તૂટેલું લાગતું હ્રદય પણ સંધાઇ જાય છે, નિરાશા આશામાં પલટાય છે, જે માણસનું અંતર નવી પલટાયેલી પરિસ્થિતિને અનુકૂળ થાય છે. વૈરાગ્યનું સ્થાન રાગ લે છે, ને જીવન ફરી પાછું મધુ-સ્વરે વહેવા માંડે છે.'

નિષ્કામ જુદા જ વિચારોમાંથી જાગતો હોય તેમ બોલ્યો: 'મારે લગ્ન કરવું હશે તો પણ તે માટે કાંઇ તારી અનુજ્ઞા લેવા નહીં આવું.'

(ક્રમશ:)

## માનવ સેવા એ જ પ્રભુસેવા

['મનુષ્ય શરીર ઈશ્વરને પ્રાપ્ત કરવા, અને બીજાની સેવા કરવા માટે જ મલ્યું છે. તો તેનો જેમ બને તેમ સદ્‌ઉપયોગ કરીને બીજાને મદદરૂપ થવું'

પ. પૂ. ગુરુદેવ શ્રી. યોગેશ્વરજી તથા પ. પૂ. શ્રી મા સર્વેશ્વરી-જીનાં સત્સંગ-પ્રવચન દરમ્યાન પ્રસંગોને-આધારે.]

-સંકલન-**બાલમુકુન્દ શ્રોફ-(મોરબી)**

*ભૂખ્યાને ભોજન * તરસ્યાને પાણી * વસ્ત્રહીનોને વસ્ત્ર અજ્ઞાનીઓને જ્ઞાન * દર્દીને દવા * નિરાશ્રિતોને આશ્રય * દુઃખીને દિલાસો * રડતાંને આશ્વાસન * ભૂલ્યા ભટક્યાને સીધી રાહ * થાકેલાને વિસામો * નિરાશને આશા * ઉદાસને હાસ્ય * વ્યસનીને વ્યસનમુક્ત કરવા * ભયભીતને ભયથી છોડાવવા * નિરાધારને આધાર આપવો * અંધ-અપંગને રસ્તો ઓળંગવામાં મદદ કરવી * કોઈ સત્કર્મ કરતું હોય તો તેને પ્રોત્સાહન આપવું * અભણ માણસોને તાર-ટપાલ વાંચી લખી આપવા * રસ્તા પર વચ્ચે પડેલ કેળાની છાલ, કાચના ટુકડા, કાંટા વગેરે ઉપાડીને કોઇને હાનિ ન કરે તેવી જગ્યાએ નાખવા * સમય મળે ત્યારે હસ્પિતાલનાં દર્દીની મુલાકાત લઈ તેમને આશ્વાસન આપી ફળ, બિસ્કીટ, સારાં પુસ્તકો બની શકે તો આપવાં * અનાથ બાળકો-ની સંભાળ રાખવી અથવા તેમને કોઇ સંસ્થામાં દાખલ કરવાની વ્યવસ્થા કરવી * ટ્રેઈનમાં, બસમાં અંધ-અપંગ, વૃદ્ધ, રોગી, બાળકો, બહેનો ઊભાં હોય તો આપણે જગ્યા કરી આપવી અને તેમને જોઈતી ચીજ-વસ્તુઓ લાવી આપવી * વૃક્ષો ઉગાડવાં * પાણીની પરબ બનાવવી વગેરે-વગેરે.

-ચિત્તની શુદ્ધિ અર્થે સૌની યથા-શક્તિ નિષ્કામ ભાવે સેવા કરવી, તેજ માનવ જીવનનું સાચું ધ્યેય છે.

ADHYATM Regd-No. GBV 113
પ્રાપ્તિસ્થાનઃ– પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧

### ધ્યાનનું પ્રધાન લક્ષ્ય

## રાગદ્વેષ ને અભિમાનની નિવૃત્તિ

ધ્યાનમાં રસ લેનારા સાધકોએ એ વાત ખાસ યાદ રાખવા જેવી છે કે લાંબા વખત લગી નિયમિત ધ્યાન કરવાથી પણ કલેશ હળવા બને છે. ધ્યાન એ કોઇ રૂઢિ, શોખ કે યાંત્રિક જડ પ્રક્રિયા ના બની જાય પણ સ્વભાવની ઉત્તરોત્તર શુદ્ધિ કરનારું દૈવી રસાયન થાય તેનું ખાસ ધ્યાન રાખવાનું છે. કોઈ કલાકો લગી ને વરસોથી ધ્યાન કરતો હોય પણ તેના રાગદ્વેષ ને અભિમાનનો અંત ના આવ્યો હોય ને એનો અંત આણવાનો પ્રામાણિક પુરુષાર્થ પણ તે ના કરતો હોય તો તેના ધ્યાનમાં ખામી છે એમ માની લેવું. તેવું ધ્યાન તેને જરૂરી શાન્તિ નહિ આપી શકે ને જીવનને કૃતાર્થ પણ નહિ કરે. ક્રિયાનું મહત્ત્વ તો છે જ પણ તેને પરિણામે થતી અસરનું મહત્ત્વ પણ ઓછું નથી, એ ખાસ યાદ રાખવાનું છે. જમીનમાં દટાઈને દિવસો સુધી સમાધિ કરનારા ને બીજા માણસોમાં કોઇવાર જે અહંકાર ને રાગ-દ્વેષ દેખાય છે, તેનું કારણ એ વાતને યાદ નથી રાખી તે જ છે. એવી સમાધિ ને મોટાઈથી શો હેતુ સરી શકે? એનાથી જીવનનું સાર્થકય તો ના જ થાય.

—યોગેશ્વરજી

મુદ્રક : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, લોખંડબજાર, ભાવનગર.